કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ



હંમેશા સમાજ અને દેશને આપવાની ચિંતા કરો. દેશની પ્રગતિમાં પોતાની ભાગીદારીને વિશ્વસનીય બનાવો. કારણ કે લેવાની ટેવ ફકીરની હોય છે. - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

તંત્રી : મુકેશ ગોસાવી
RNI No. DDGUJ/2003/13906
દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com
દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૨૬ ● સંવત-૨૦૮૨ અષાઢ સુદ પૂનમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

### લોકસભામાં અતારાંકિત પ્રશ્નના માધ્યમથી

## સાંસદ ઉમેશભાઈ પટેલે સરકારને પૂછેલો પ્રશ્નઃ દમણ અને દીવના માછીમારોને પહેલા મળતી ડીઝલની સબસીડી શા માટે બંધ કરવામાં આવી?

### ગુજરાતની તર્જ ઉપર દમણ-દીવના માછીમારોને પણ ડીઝલ ઉપર સબસીડી મળે તેવી વ્યવસ્થા કરવા પણ કરેલી માંગણી




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) નવી દિલ્હી, તા.૨૮**

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે આજે લોકસભામાં અતારાંકિત પ્રશ્નના માધ્યમથી દમણ અને દીવના પારંપારિક માછીમારોને તેમની બોટ માટે ડીઝલ ઉપર સબસીડી અને ગુજરાતની તર્જ ઉપર રાહતવાળા સમાન દર ઉપર ઉપલબ્ધ કરાવવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે લોકસભામાં અતારાંકિત પ્રશ્નના માધ્યમથી સરકાર પાસે દમણ અને દીવના માછીમારોને પહેલા મળી રહેલી ડીઝલની સબસીડી શા માટે બંધ કરવામાં આવી? તેની વિગતો જાણવા માંગી હતી. તેમણે વર્તમાનમાં ગુજરાતના માછીમારોને કેવા પ્રકારની ડીઝલમાં છૂટછાટ આપવામાં આવી રહી છે તથા દમણ અને દીવના રજીસ્ટર્ડ માછીમારોને પણ ગુજરાતની તર્જ ઉપર સમાન લાભ આપવા માટે સરકાર કયા પગલાં ઉઠાવી રહી છે તેની જાણકારી માંગી હતી.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, દમણ અને દીવના હજારો પરિવારોની આજીવિકા સમુદ્ર મત્સ્ય વ્યવસાય ઉપર આધારિત છે. લગાતાર વધી રહેલી ડીઝલની કિંમતોના કારણે માછીમારોની કાર્યરત ખર્ચને અત્યંત વધારી દીધો છે. જો પડોશી રાજ્ય ગુજરાતના માછીમારોને ડીઝલ ઉપર છૂટછાટ મળી શકતી હોય તો દમણ અને દીવના માછીમારોને પણ ગુજરાતની તર્જ ઉપર સમાન સુવિધા મળવી જોઈએ જેથી તેઓ આર્થિક રૂપે સશક્ત બની શકે અને અન્ય રાજ્યોના માછીમારો સાથે સમાન પ્રતિસ્પર્ધા કરવા સક્ષમ બની શકે.

## સાંસદ ઉમેશભાઈ પટેલે કેન્દ્રિય મત્સ્યપાલન મંત્રી લલન સિંહ સાથે મુલાકાત કરી તાજેતરમાં દમણમાં થયેલ જળપ્રકોપના સંદર્ભમાં અસરગ્રસ્ત નાગરિકો અને માછીમારો માટે વિશેષ રાહત પેકેજની કરેલી માંગણી

### દમણ-દીવના સેંકડો માછીમારોની જળ પ્રલયના કારણે છીનવાયેલી આજીવિકાનું સાંસદશ્રીએ કરેલું વિસ્તૃત વર્ણનઃ મોટી સંખ્યામાં બોટ, એન્જિન, જાળ અને અન્ય મત્સ્ય ઉપકરણો ક્ષતિગ્રસ્ત થતાં સેંકડો માછીમાર પરિવારો સમક્ષ પોતાની આજીવિકા માટે ઉભું થયેલું ગંભીર સંકટ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) નવી દિલ્હી, તા.૨૮**

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે આજે કેન્દ્રિય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી રાજીવ રંજન સિંહ(લલન સિંહ)ની મુલાકાત કરી હાલમાં દમણમાં આવેલ ભીષણ પ્રાકૃત્તિક આફતથી પ્રભાવિત નાગરિકો, ખેડૂતો અને માછીમારોની પીડાથી અવગત કરાવી અસરગ્રસ્તોને વિશેષ કેન્દ્રિય રાહત પેકેજ આપવા માંગ કરી હતી.

શ્રી ઉમેશભાઈ પટેલે હાલમાં દમણ વિસ્તારમાં થયેલ અતિવૃષ્ટિના કારણે મધુબન ડેમમાંથી છોડવામાં આવેલ મોટાપ્રમાણમાં પાણીનો જથ્થો અને સમુદ્રમાં આવેલી ભરતીની સાથે લગાતાર વરસી રહેલા વરસાદથી સમગ્ર વિસ્તારમાં પૂર જેવી ભયાનક સ્થિતિનું સર્જન થયું હતું. જેના કારણે હજારો પરિવારોના ઘર, દુકાન, પ્રતિષ્ઠાન, કૃષિ ભૂમિ અને ખેતીના પાકને ગંભીર નુકસાન થવા પામ્યું છે અને તેમાં પણ સૌથી વધુ નુકસાન પારંપારિક માછી સમાજને થયું છે.

સાંસદશ્રીએ કેન્દ્રિય મંત્રી શ્રી લલન સિંહને અવગત કરતા જણાવ્યું હતું કે, તેજ જળપ્રવાહના કારણે માછીમારોની બોટો પુરી રીતે નષ્ટ થઈ છે, કેટલીક બોટો પાણીમાં વહી ગઈ છે અને મોટી સંખ્યામાં બોટ એન્જિન, જાળ અને અન્ય મત્સ્ય ઉપકરણો ક્ષતિગ્રસ્ત થવા પામ્યા છે. જેના કારણે સેંકડો માછીમાર પરિવારની સમક્ષ પોતાની આજીવિકા માટે ગંભીર સંકટ ઉભું થયું છે.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે કેન્દ્રિય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી રાજીવ રંજન સિંહ(લલન સિંહ)ને વિસ્તૃત આવેદનપત્ર સુપ્રત કરી પ્રભાવિત ક્ષેત્રનું સંયુક્ત ઉચ્ચ સ્તરીય સર્વેક્ષણ કરાવવા તથા ખેડૂતો માછીમારો અને અન્ય અસરગ્રસ્ત પરિવારો માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરવાની પણ માંગ કરી હતી. તેમણે બોટો એન્જિન અને મત્સ્ય ઉપકરણો માટે પુનર્વસન સહાયતા, એસડીઆરએફ-એનડીઆરએફથી વિશેષ આર્થિક સહાયતા, આરોગ્ય શિબિર, ભવિષ્ય માટે અદ્યતન અર્લી વોર્નિંગ સિસ્ટમ, દમણ અને દીવના માછીમારો માટે ગુજરાતની તર્જ ઉપર ડીઝલ સીબસીડી, આધુનિક ડોકયાર્ડ, બોટ રિપેર યાર્ડ, સુરક્ષિત બોટ પાર્કિંગ તથા માછીમારો માટે વિશેષ આફત વીમા યોજના જેવી સુવિધા માટે માંગણી કરી હતી.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ ફક્ત રાહતનો વિષય નથી, પરંતુ હજારો માછીમાર પરિવારોની આજીવિકા, દમણ અને દીવની સમુદ્રી અર્થવ્યવસ્થા અને પ્રદેશના સમગ્ર વિકાસનો વિષય છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કેન્દ્ર સરકાર આ વિષય ઉપર તાત્કાલિક સકારાત્મક નિર્ણય લઈ અસરગ્રસ્ત પરિવારોને ન્યાય અને આવશ્યક રાહત પ્રદાન કરશે.



### અતિભારે વરસાદના કારણે પ્રભાવિત બનેલા દાનહના પાતળીયા ફળીયા, ખેરડી, દપાડા, કિલવણી અને રાંધા પંચાયતના પરિવારોને સાંસદ કલાબેન ડેલકર દ્વારા પહોંચાડવામાં આવી મદદ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૨૮**

દાદરા નગર હવેલીમાં ૨૨ અને ૨૩મી જુલાઈ, ૨૦૨૬ના રોજ ખાબકેલા અતિ ભારે વરસાદના કારણે સર્જાયેલી પૂરની સ્થિતિથી પાતળીયા ફળીયા, ખેરડી પંચાયત, દપાડા પંચાયત, કિલવણી પંચાયત અને રાંધા પંચાયતમાં પ્રભાવિત બનેલા પરિવારોને પ્રદેશના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકરના સહયોગ દ્વારા રાહત સામગ્રી અને આવશ્યક ઉપયોગી સાધનસામગ્રી પહોંચાડી મદદ કરવામાં આવી હતી.

## અતિવૃષ્ટિના કારણે સેલવાસ નગરપાલિકા વિસ્તારમાં સર્જાયેલી પૂરની ગંભીર પરિસ્થિતિમાં અસરગ્રસ્ત બનેલા પરિવારોને ન.પા. દ્વારા રાશન સહિતની સાધનસામગ્રીનું કરેલું વિતરણ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૨૮**

તાજેતરના દિવસોમાં દાદરા નગર હવેલીમાં વરસેલા ધોધભાર વરસાદના કારણે નદીઓમાં આવેલ પૂર અને જળજમાવના કારણે મોટાભાગના વિસ્તારોમાં ભારે નુકસાન થયું હતું. આ સંદર્ભે દાનહ જિલ્લા પ્રશાસન અને નગરપાલિકા તંત્ર દ્વારા નુકસાનીના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવ્યા બાદ વોર્ડ નંબર ૮માં ૨૦૦થી વધુ પરિવારોને રાશન સહિતની સહાય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.



આ અવસરે નગરપાલિકા પ્રમુખ શ્રી સોમનાથ દેવરે, ઉપ પ્રમુખ શ્રીમતી કવિતા સીંગ, કાઉન્સિલર શ્રીમતી જિનલબેન પટેલ(મનોજ દયાત) સહિત સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

## દમણ જિલ્લામાં ૩૦ ટકા નામો મતદાર યાદીમાંથી બાકાત

### દમણના નાયબ જિલ્લા કલેક્ટરે SIR પ્રક્રિયા પૂર્ણ કરી ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પાડી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**દમણ, તા.૨૮:** દમણમાં ખાસ સઘન સુધારણા પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પાડવામાં આવી છે. ડ્રાફ્ટ યાદી મુજબ, દમણ જિલ્લામાં આશરે ૩૦ ટકા નામો મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. ડ્રાફ્ટ મતદાર યાદીના પ્રકાશન પછી, ચૂંટણી નોંધણી અધિકારી ગણતરી ફોર્મ અને સંબંધિત વિગતોની ચકાસણી કરી રહ્યા છે. જ્યાં મેપિંગ, સરનામાં અથવા અન્ય વિગતોમાં વિસંગતતાઓ મળી આવી છે, ત્યાં સંબંધિત મતદારોને નોટિસ મોકલીને વ્યક્તિગત સુનાવણી હાથ ધરવામાં આવી રહી છે. નાયબ જિલ્લા કલેક્ટર શ્રીમતી આરતી અગ્રવાલ અને મામલતદાર શ્રી પ્રેમજી મકવાણાએ અરજદારોને સાંભળ્યા અને સબમિટ કરેલા જરૂરી દસ્તાવેજોની તપાસ કરી હતી. કલેક્ટરની કચેરીમાં દિવસભર ભારે ભીડ જોવા મળી હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો મતદાર યાદીમાં તેમના નામ ફરીથી સમાવવા અથવા તેમની વિગતો સુધારવા માંગતા હતા. વહીવટીતંત્રએ પાત્ર મતદારોને સમયમર્યાદામાં જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરવા અને તેમના નામ અને વિગતો ચકાસવા અપીલ કરી છે.

વર્તમાન પ્રવાહ
કરમબેલે, સરીગામ, ભિલાડ, ઉમરગામ તાલુકા તથા દહાણું તેમજ આજુબાજુના ગામો/વિસ્તારોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ
ઉપેન્દ્ર રાઠોડ- 90332 64689

### ‘એક ઓફિસર-એક કાર’નો નિયમ અમલમાં

## સરકારી ખર્ચમાં કાપ માટે મોદી સરકારનું મોટું પગલું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) નવી દિલ્હી,તા.૨૮**

કેન્દ્ર સરકારે સરકારી વાહનોના દુરુપયોગને રોકવા અને સરકારી ખર્ચમાં ઘટાડો કરવા માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. નવા આદેશ મુજબ હવે કોઈપણ કેન્દ્રીય સરકારી અધિકારીને વધારાની જવાબદારી સોંપવામાં આવે તો પણ તેમને બીજી સરકારી કાર ફાળવવામાં આવશે નહીં. સરકાર દ્વારા “એક ઓફિસર, એક કાર”ના સિદ્ધાંતને કડક રીતે અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નાણા મંત્રાલયના વ્યય વિભાગ દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં તમામ કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો અને સંબંધિત કચેરીઓને આ નિયમનું કડક પાલન કરવાની સૂચના આપવામાં આવી છે. પરિપત્ર મુજબ, કોઈપણ વરિષ્ઠ અધિકારી પાસે ભલે એકથી વધુ વિભાગો અથવા સંસ્થાઓનો વધારાનો ચાર્જ હોય, તેમ છતાં તેમને એકથી વધુ સરકારી વાહન આપવામાં આવશે નહીં.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે જે અધિકારીને તેમની મૂળ નિમણૂક માટે પહેલેથી જ સરકારી સ્ટાફ કાર ફાળવવામાં આવી છે, તેમને વધારાની જવાબદારીના આધારે બીજી ગાડી આપવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. આ નિર્ણયનો મુખ્ય હેતુ સરકારી વાહનોનો

**હવે વધારાનો ચાર્જ હોવા છતાં નહીં મળે બીજી સરકારી ગાડી, ખાનગી ઉપયોગ પર પણ સંપૂર્ણ પ્રતિબંધ**

કાર્યક્ષમ ઉપયોગ સુનિશ્ચિત કરવાનો અને અનાવશ્યક ખર્ચ પર નિયંત્રણ લાવવાનો છે.

સરકારે સરકારી વાહનોના ખાનગી ઉપયોગ પર પણ સંપૂર્ણ પ્રતિબંધની પુનઃપુષ્ટિ કરી છે. હવે સરકારી ગાડીઓનો ઉપયોગ માત્ર સત્તાવાર પ્રવાસ અને સરકારી કામગીરી માટે જ કરી શકાશે. વ્યક્તિગત અથવા ખાનગી હેતુઓ માટે સરકારી વાહનોનો ઉપયોગ કરવાની મંજૂરી રહેશે નહીં. આ ઉપરાંત, જે સરકારી વાહનોનો નિયમિત ઉપયોગ થતો નથી, તેમને નિર્ધારિત સુરક્ષિત સ્થળોએ રાખવાના પણ આદેશ આપવામાં આવ્યા છે. સરકારનું માનવું છે કે આ વ્યવસ્થાથી સરકારી સંપત્તિનું વધુ સારું સંચાલન થશે અને વાહનોના જાળવણી ખર્ચમાં પણ ઘટાડો આવશે.

નવા નિર્દેશો સપ્ટેમ્બર ૨૦૨૨માં જાહેર કરાયેલા સરકારી સ્ટાફ કારના ઉપયોગ સંબંધિત નિયમોને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવાના ઉદ્દેશ્ય સાથે બહાર પાડવામાં આવ્યા છે. આ પરિપત્ર તમામ કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો, નાણાકીય સલાહકારો અને મંત્રીઓના ખાનગી સચિવોને મોકલવામાં આવ્યો છે. સરકારના મતે, “એક ઓફિસર, એક કાર” નીતિથી સરકારી સંસાધનોનો વધુ કાર્યક્ષમ ઉપયોગ થશે, અનાવશ્યક ખર્ચમાં ઘટાડો થશે અને એક જ અધિકારી દ્વારા વિવિધ હોદ્દાના આધારે એકથી વધુ સરકારી વાહનોના ઉપયોગની પ્રથા પર સંપૂર્ણ અંકુશ આવશે.

### અતિ ભારે વરસાદના કારણે સર્જાયેલી પૂરની આફત બાદ

## દાનહ કોંગ્રેસે આંબેડકર નગરમાં કરેલી સાફ-સફાઈ કરી પૂરમાં તણાઈ આવેલો કૂડો-કચરો દૂર કર્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૨૮**

ગત તા.૨૨ અને ૨૩મી જુલાઈએ વરસેલા ભારે વરસાદના કારણે ગુજરાત અને દમણ સહિત દાદરા નગર હવેલીમાં આવેલા ભીષણ પૂર બાદ વિવિધ વિસ્તારોમાં કચરાના ઢગલા ખડકાયા હતા. જેના કારણે ગંદકી અને જીવલેણ રોગચાળો ફેલાવાની ભીતિ પણ સેવાઈ રહી હતી. તેથી દાદરા નગર હવેલી કોંગ્રેસ પાર્ટી દ્વારા સક્રિય બની સેલવાસ શહેરના આંબેડકર નગરમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

‘સ્માર્ટ સીટી’ સેલવાસ નગરપાલિકાની માર્યાદિત સફાઈ ટીમ સામે કામગીરીનું ભારણ વધુ હોવાથી દાહન કોંગ્રેસ પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ સફાઈ કામગીરીને વેગ આપ્યો હતો. દાનહ પ્રદેશ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શ્રી પ્રભુભાઈ ટોકીયાએ જણાવ્યું હતું કે, એક દિવસ અગાઉ અમારી ટીમે આ વિસ્તારની મુલાકાત લીધી હતી. દરમ્યાન સમગ્ર વિસ્તારમાં ભારે કચરો અને અસહ્ય દુર્ગંધ જોવા મળી હતી. જો આ કચરો તાત્કાલિક હટાવવામાં નહીં આવે તો આ વિસ્તારમાં ગંભીર રોગચાળો ફાટી નિકળવાની પુરી સંભાવના હતી, જેથી તાત્કાલિક ધોરણે જિલ્લા કલેક્ટરશ્રીને જાણ કરવામાં આવી અને ત્યારબાદ નગરપાલિકાની ટીમ સાથે મળીને સફાઈ અભિયાન ચલાવી શહેરને રળિયામણું બનાવવાનું કામ પૂર્ણ કર્યું છે.




તાજેતરમાં આવેલ ભારે પૂરના કારણે સેલવાસ નગરપાલિકા નિર્મિત કોમ્પ્લેક્ષોના એક માળ સુધી પાણી ભરાઈ ગયા હતા. તેમજ બાજુમાં આવેલ ગર્લ્સ હોસ્ટેલમાં પણ મોટા પ્રમાણમાં પાણી ભરાયા હતા. પૂર પ્રકોપમાં મોટા પ્રમાણમાં ગરીબ પરિવારોને ભારે નુકસાન થયું છે, વહીવટી તંત્ર દ્વારા ગરીબ પરિવારોને ફ્લેટ ફાળવવામાં આવ્યા છે, તે સરાહનીય બાબત છે પરંતુ નદી કિનારે નીચાણવાળા વિસ્તારમાં કોમ્પ્લેક્ષોનું નિર્માણ શા માટે કરવામાં આવ્યું છે? સેલવાસ શહેરના અન્ય સ્થળે કેમ બનાવવામાં ન આવ્યા? સાથે આટલા સંવેદનશીલ અને જોખમી વિસ્તારમાં ગર્લ્સ હોસ્ટેલ માટે મંજૂરી કેમ આપવામાં આવી? તેવા ગંભીર પ્રશ્નો લોકો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યા છે.

વર્તમાન પ્રવાહ 2




## સુવિચાર - સદ્‌વિચાર

જે વ્યક્તિ પોતાની જાતને નિયંત્રિત કરી શકે છે
તે કોઈપણ કાર્ય કરી શકે છે.

## કવિતા

### ત્રિકમ સાહેબને તીરે

ત્રિકમ સાહેબને તીરે, વૃક્ષ મૂળ તો વધતો વેલો રે.
ઊલટ આણી અંગમાં વસ્યા, દયા કરી વસી ગિયા દિલે,

ત્રિવેણીને રિયે છે તીરે, ખરેખર ભેખ મેં ખેલ,
ફળ અમૃત કોકને મળે, સાયર સંત કદી ના છલે...

જીત અજીત અખંડ જોગી, બીજા ભેદ વિના ભજે મર ભલે,
ગગન મંડલમાં રહે ગેબી, વહાં હોઠ જીભ્યા નહીં હલે,

દાસ 'અક્કલ' ભીમ ત્રિકમ દેખ્યા,
પિયુજીને વળગીએ પલે... ત્રિકમ

- અક્કલદાસ સાહેબ

## આજની જોક

પત્ની : અરે, તું સાંભળે છે? શું આ મંગળ ગ્રહ પર જીવન શક્ય છે કે નહીં?
પતિ: તે ચોક્કસ શક્ય છે!
પત્ની: કેવી રીતે?
પતિ : અરે, ત્યાં કોઈ સાસુ ન રહેતી હોવી જોઈએ!



## કબીર વાણી

**તન મહિ હોતી કોટિ ઉપાધિ,**
**ઉલિટ ભઈ સુખ સહજ સમાધિ.**

**-અર્થાત-**

અને કબીર કહી રહ્યા છે કે શરીરમાં જે ઊર્જા, જે શક્તિ હજાર પ્રકારની ઉપાધિઓ પેદા કરતી હતી, તે જ ઊલટી થઈને સહજ સમાધિ થઈ ગઈ. જેનાથી ક્રોધ આવતો હતો તે જ કરૂણા બની ગઈ. જેનાથી અજ્ઞાન ફેલાતું હતું એ જ જ્ઞાન બની ગયું. જે અંધકાર હતો તે જ ઊલટો થઈને પ્રકાશ બની ગયો.

## આજનો દિન વિશેષ

### પી. એસ. સુબ્રમણ્ય શાસ્ત્રી

પી. એસ. સુબ્રમણ્ય શાસ્ત્રી (૨૯ જુલાઈ ૧૮૯૦ - ૨૦ મે ૧૯૭૮) એક સંસ્કૃત વિદ્વાન હતા, જેમણે તમિલ ભાષા અને સાહિત્ય પર પણ પ્રભુત્વ મેળવ્યું. તેઓ ટોલ્કપ્પીયમનો અંગ્રેજીમાં અનુવાદ કરનારા પ્રથમ વ્યક્તિ હતા.

**શિક્ષણ**

સુબ્રમણ્ય શાસ્ત્રીએ નેશનલ હાઈ સ્કૂલમાંથી એસ.એસ.એલ.સી., સેન્ટ જોસેફ કોલેજમાંથી એફ.એ. અને એસપીજી (પાછળથી બિશપ હેબર્સ) કોલેજમાંથી બી.એ. ગણિતનો અભ્યાસ કર્યો - આ બધું તિરુચિરાપલ્લીમાં થયું. તેમણે સેન્ટ્રલ હાઈ સ્કૂલ (હવે શ્રીનિવાસ રાવ હાયર સેકન્ડરી સ્કૂલ), તિરુવૈયારુ અને નેશનલ હાઈ સ્કૂલ, તિરુચીમાં ગણિત સહાયક તરીકે પોતાની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી. તેમણે વ્યાકરણ અને ફિલસૂફીના નિષ્ણાત નીલકાંત શાસ્ત્રી પાસેથી સંસ્કૃતનો અભ્યાસ કર્યો. તેમણે મદ્રાસ પ્રેસિડેન્સી કોલેજના પ્રોફેસર એસ. કુપ્પુસ્વામી શાસ્ત્રી (સંસ્કૃત અને તુલનાત્મક ભાષાશાસ્ત્રના પ્રોફેસર અને સરકારી પ્રાચ્ય હસ્તપ્રતો પુસ્તકાલય, મદ્રાસના ક્યુરેટર) પાસેથી ન્યાય (તર્કશાસ્ત્ર) અને અલંકાર શાસ્ત્ર (કાવ્યશાસ્ત્ર અને સાહિત્યિક વિવેચન) અને બનારસ હિન્દુ યુનિવર્સિટીના ચિન્નાસ્વામી શાસ્ત્રી પાસેથી મીમાંસા (ભાષાશાસ્ત્ર) પણ શીખ્યા. એમ.એ. (સંસ્કૃત) માં સ્નાતક, સુબ્રમણ્ય શાસ્ત્રીએ ચેન્નાઈના સૈદાપેટ ખાતે ટીચર્સ ટ્રેનિંગ કોલેજમાંથી એલ.ટી. પણ પાસ કર્યું.

**સંશોધન**

સુબ્રમણ્ય શાસ્ત્રીએ ટોલ્કપ્પીયમ પર કામ કર્યું, જેનો તેમણે પછીથી અંગ્રેજીમાં અનુવાદ કર્યો. કુપ્પુસ્વામી શાસ્ત્રી સંશોધન સંસ્થા દ્વારા ''એઝુથુ'' અને ''પોરુલાધિકારમ''નો અનુવાદ પ્રકાશિત કરવામાં આવ્યો હતો, જ્યારે ''સોલ્લાધિકારમ ભાગ'' અન્નામલાઈ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

## બ્યુટી ટીપ્સ

### જન્મદિવસની પાર્ટી મેકઅપ લુક

**સરળ જન્મદિવસનો મેકઅપ દેખાવ :** તમારી ત્વચાને તૈયાર કર્યા પછી, મેકઅપ સાથે સર્જનાત્મક બનવાનો અને તમારી પસંદ સાથે મેળ ખાતી વિવિધ શૈલીઓ અજમાવવાનો સમય છે. ભલે તમે સિમ્પલ લુક ઈચ્છતા હોવ, ફેન્સી લુક ઈચ્છતા હોવ, અથવા કંઈક ખૂબ જ હિંમતવાન, દરેક ઈવેન્ટ માટે જન્મદિવસની પાર્ટી મેકઅપ લુક હોય છે.

**૧. કુદરતી ચમક :** ન્યૂનતમ મેકઅપ સાથે તાજા ચહેરાવાળા, સરળ દેખાવ પ્રાપ્ત કરો જે તમારી કુદરતી સુંદરતામાં વધારો કરે છે. તેજસ્વી આધાર મેળવવા માટે હળવા ફાઉન્ડેશન અથવા કદાચ ટિન્ટેડ મોઈશ્ચરાઈઝરથી શરૂઆત કરો. પછી, હળવા રંગના સ્પર્શ માટે તમારા ગાલના સફરજન પર થોડો ક્રીમ બ્લશ લગાવો. તે પછી, ચમકદાર ચમક માટે ચહેરાના ઉપરના ભાગો, જેમ કે ગાલના હાડકાં અને નાકના પુલ પર હાઈલાઈટરનો ઉપયોગ કરો.

ભમર પેન્સિલ અથવા જેલનો ઉપયોગ કરીને તમારા ભમરને સુંદર બનાવો; આ તમારી આંખોને આકાર આપશે અને તમારા ચહેરાને વધુ ઊંડાઈ આપશે. પછી, પાંપણોને બહાર કાઢવા માટે થોડો મસ્કરા લગાવો. છેલ્લે, રંગ અને ભેજનો થોડો સ્પર્શ મેળવવા માટે હળવો લિપ બામ લગાવો.

સ્ટાઈલિશ, લાલ-કાર્પેટ જેવા દેખાવ માટે થોડી ચમક અને ભવ્યતા સાથે તમારા જન્મદિવસના મેકઅપને વધુ ખાસ બનાવો. પ્રથમ, તમારી ત્વચાને સરળ અને સંપૂર્ણ બનાવવા માટે મધ્યમ-કવરેજ ફાઉન્ડેશન લગાવો. પછી, તમારી આંખોને વધુ ઊંડાઈ અને પરિમાણ આપવા માટે તટસ્થ અથવા મેટાલિક જેવા રંગોમાં ચમકતી આઈશેડોનો ઉપયોગ કરો.

કાળા અથવા ભૂરા આઈલાઈનરનો ઉપયોગ કરીને તમારી આંખોની આસપાસ એક રેખા મૂકો જેથી તેમને અલગ દેખાય અને વધુ નાટકીય દેખાય. આગળ, તમારા પાંપણોને લાંબા અને ભરેલા બનાવવા માટે તેમના પર વોલ્યુમાઈઝિંગ મસ્કરાના ઘણા સ્તરો લગાવો. ચમકતા દેખાવ માટે ગાલના હાડકાં, ભમરના હાડકાં અને કામદેવના ધનુષ પર ચળકતા હાઈલાઈટરનો ઉપયોગ કરો. સ્ટાઈલને ક્લાસિક લાલ અથવા ઊંડા બેરી શેડ જેવા મજબૂત લિપ કલરથી પૂર્ણ કરો જેથી તે અલગ તરી આવે અને લુકને સંપૂર્ણ બનાવે.

### કચ્છમાં હાઈટેક ખંડણી કાંડનો પર્દાફાશ

# ક્રિપ્ટોકરન્સી મારફતે રૂા.૫.૫૫ કરોડની વસૂલીનો ચોંકાવનારો ખુલાસો

**ક્રિપ્ટોકરન્સી મારફતે ખંડણી વસૂલવાના હાઈટેક ગુનાએ ચિંતા વધારી; ફરાર સૂત્રધારોની શોધમાં પોલીસની કાર્યવાહી યથાવત**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કચ્છ, તા.૨૮**

કચ્છના ગાંધીધામમાં અપહરણ અને ક્રિપ્ટોકરન્સી મારફતે કરોડોની ખંડણી વસૂલવાના એક હાઈટેક ગુનાનો કચ્છ પોલીસે પર્દાફાશ કર્યો છે. ગાંધીધામના એક ટ્રાન્સપોર્ટ વેપારીનું અપહરણ કરી તેને બંધક બનાવી દુબઈમાં રહેતા તેના ભાઈ પાસેથી ૫,૮૪,૫૦૦ યુએસડીટી એટલે કે અંદાજે રૂ.૫.૫૫ કરોડની ખંડણી વસૂલવાના કેસમાં પોલીસે અત્યાર સુધીમાં ૭ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓને સાથે રાખીને ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું છે.

પોલીસ તપાસ મુજબ, ટ્રાન્સપોર્ટ વેપારીનું અપહરણ કર્યા બાદ આરોપીઓ તેને ગાંધીધામના સપનાનગર વિસ્તારમાં આવેલા એક મકાનમાં લઈ ગયા હતા, જ્યાં તેને બંધક બનાવી રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ વેપારી પાસેથી દુબઈમાં રહેતા તેના ભાઈને વીડિયો કોલ કરાવવામાં આવ્યો હતો અને વેપારીની હત્યા કરવાની ધમકી આપી ખંડણીની માંગ કરવામાં આવી હતી.

પરિવારજનોના જણાવ્યા મુજબ, વેપારીનો જીવ બચાવવા માટે દુબઈથી આરોપીઓ દ્વારા જણાવાયેલા ક્રિપ્ટો વોલેટમાં ૫,૮૪,૫૦૦ USDT ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ભારતીય ચલણમાં આ રકમની કિંમત અંદાજે રૂ. ૫.૫૫ કરોડ હોવાનું પોલીસના પ્રાથમિક અંદાજમાં સામે આવ્યું છે. ખંડણીની રકમ મળ્યા બાદ આરોપીઓએ વેપારીને મુક્ત કરી દીધો હતો.

ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને કચ્છ પૂર્વ પોલીસ દ્વારા વિશેષ તપાસ શરૂ કરવામાં આવી હતી. એલસીબી, એસઓજી, કંટ્રોલ રૂમ અને સ્થાનિક પોલીસની સંયુક્ત મળીને આશરે ૧૦ વિશેષ ટીમો બનાવવામાં આવી હતી. ટેકનિકલ સર્વેલન્સ, ડિજિટલ ટ્રેકિંગ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

તપાસ દરમિયાન પોલીસે આ કેસમાં સંડોવાયેલા ૭ આરોપીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી ૧૧ મોંઘા મોબાઈલ ફોન અને અંદાજે રૂ. ૯.૬૮ લાખની રોકડ રકમ પણ કબજે કરવામાં આવી છે.

તપાસના ભાગરૂપે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, આ કેસના મુખ્ય સૂત્રધાર તરીકે નામ સામે આવેલા જાવેદ સાયચા, રિઝવાન ખીચા અને સોહિલ બુચડ હજુ ફરાર છે. તેમની શોધખોળ માટે વિવિધ સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે અને તેમને ઝડપવા માટે કાર્યવાહી તેજ કરવામાં આવી છે.

### NEET પરિણામ બાદ વધુ એક વિદ્યાર્થીના મૃત્યુથી ચિંતા

# મહારાષ્ટ્રમાં NEET પરીક્ષામાં નિષ્ફળતા બાદ ૧૮ વર્ષીય વિદ્યાર્થીનું સારવાર દરમિયાન મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સાતારા, તા.૨૮**

મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં NEET પરીક્ષાના પરિણામ બાદ વધુ એક દુઃખદ ઘટના સામે આવી છે. કરાડ તાલુકાના શેરે ગામની ૧૮ વર્ષીય વિદ્યાર્થી સમીક્ષા દીપર પવારનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવાર અને સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પ્રાથમિક માહિતી મુજબ, વિદ્યાર્થી ડૉક્ટર બનવાનું સ્વપ્ન ધરાવતી હતી અને તાજેતરમાં યોજાયેલી NEET પરીક્ષામાં સફળતા ન મળતાં તે માનસિક રીતે વ્યથિત હતી.

મળતી માહિતી અનુસાર, સમીક્ષાએ આ વર્ષે યોજાયેલી NEET પરીક્ષા આપી હતી. અગાઉની પરીક્ષા રદ થયા બાદ ફરી યોજાયેલી પરીક્ષામાં પણ તેણે ભાગ લીધો હતો. પરિણામ અનુકૂળ ન આવતાં તે નિરાશ થઈ ગઈ હોવાનું પરિવારજનો અને સ્થાનિકો જણાવી રહ્યા છે.

પરિવારના જણાવ્યા મુજબ, સમીક્ષાની તબિયત બગડતાં તેને સારવાર માટે કરાડ સ્થિત કૃષ્ણા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ડૉક્ટરોએ સારવાર માટે પ્રયાસો કર્યા છતાં તેને બચાવી શકાયી નહોતી. સમગ્ર ઘટનાની તપાસ સ્થાનિક પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. આ ઘટના બાદ શેરે ગામમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. પરિવારજનોએ જણાવ્યું કે સમીક્ષા મહેનતુ વિદ્યાર્થી હતી અને ડૉક્ટર બનવાનું તેનું લાંબા સમયથી સ્વપ્ન હતું. તેના અવસાનથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

તાજેતરના સમયમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ, પરિણામો અને વિદ્યાર્થીઓ પર વધતા માનસિક દબાણ અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે. શિક્ષણવિદોનું માનવું છે કે પરીક્ષામાં સફળતા કે નિષ્ફળતા જીવનનો અંતિમ નિર્ણય નથી અને વિદ્યાર્થીઓને શૈક્ષણિક દબાણ વચ્ચે યોગ્ય માનસિક માર્ગદર્શન, પરિવારનો સહકાર અને કાઉન્સેલિંગ ઉપલબ્ધ કરાવવું અત્યંત જરૂરી છે. આ પહેલાં પણ મહારાષ્ટ્રમાં NEET પરીક્ષાના પરિણામ બાદ અન્ય એક વિદ્યાર્થીના મૃત્યુના સમાચાર સામે આવ્યા હતા, જેના કારણે પરીક્ષા પ્રણાલી, સ્પર્ધાત્મક વાતાવરણ અને વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અંગે ગંભીર ચર્ચા શરૂ થઈ હતી. નિષ્ણાતોનું કહેવું છે કે, શાળાઓ, કોલેજો અને પરિવારે વિદ્યાર્થીઓ સાથે સતત સંવાદ જાળવી તેમની ભાવનાત્મક જરૂરિયાતો પર પણ ધ્યાન આપવું જોઈએ.

# પાકિસ્તાની પોલીસનો કહેર : PoKના રાવલકોટમાં અંધાધૂંધ ગોળીબારમાં ૧૪ નિર્દોષ યુવકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૨૮**

પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ-કાશ્મીર (PoK)ના રાવલકોટમાં સ્થિતિ અત્યંત ગંભીર અને ચિંતાજનક બની ગઈ છે. ગઈકાલે સાંજે પાકિસ્તાની પોલીસ દ્વારા કરવામાં આવેલા અંધાધૂંધ ગોળીબારમાં ૧૪ નિર્દોષ નાગરિકોના મોત થયા હોવાનો દાવો પ્રત્યક્ષદર્શીઓ અને સ્થાનિક નેતાઓ દ્વારા કરવામાં આવ્યો છે.

રાવલકોટમાં પોતાની વિવિધ માંગણીઓને લઈને સ્થાનિક લોકો રસ્તા પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. આ દરમિયાન પાકિસ્તાની સુરક્ષા દળોએ પ્રદર્શનકારીઓ પર કથિત રીતે ગોળીબાર શરૂ કરી દીધો હતો. જોઈન્ટ આવામી એક્શન કમિટી (JAAC)ના જણાવ્યા અનુસાર, આ ગોળીબારમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય અહેવાલોમાં મૃત્યુઆંક આનાથી પણ વધુ હોવાનું કહેવાઈ રહ્યું છે. કમિટી દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ મૃતકોમાં ઉસ્માન નઝીર, કાશિફ, મોહમ્મદ ઈબ્રાહિમ, અરસલ અસગર, હનીફ મોહમ્મદ બશીર, વસીમ અફઝલ, બાબિત શાહ અને સાબિર ખાન સામેલ છે.

PoKમાં જૂન મહિનાની શરૂઆતથી જ મોટા પાયે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. સ્થાનિક લોકો દ્વારા ધરણાં, રેલીઓ અને જાહેર વાહનવ્યવહાર તેમજ દુકાનો અને અન્ય વ્યવસાયો બંધ રાખીને પોતાનો વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે.

આ આંદોલન શરૂ થયું ત્યારથી જ પ્રદર્શનકારીઓ અને સ્થાનિક પોલીસ તેમજ અર્ધસૈનિક દળો વચ્ચે અવારનવાર હિંસક ઝઘડા થઈ રહ્યા છે, જેમાં સામાન્ય નાગરિકોની સાથે કેટલાક સુરક્ષાકર્મીઓએ પણ જીવ ગુમાવ્યા છે. સ્થાનિક નાગરિકો અને સંગઠનો પોતાની કેટલીક પડતર માગણીઓને લઈને વિરોધ કરી રહ્યા છે. તેમની મુખ્ય માગણીઓમાં સ્થાનિક વિધાનસભામાં ૧૨ અનામત બેઠકોની વ્યવસ્થા નાબૂદ કરવી, સ્થાનિક લોકોને વધુ રાજકીય પ્રતિનિધિત્વ આપવું, ધરપકડ કરાયેલા નેતાઓ અને કાર્યકરોને તાત્કાલિક મુક્ત કરવા તેમજ વીજળીના દરો અને અન્ય આર્થિક મુદ્દાઓમાં સુધારો કરીને બહેતર શાસન વ્યવસ્થા પૂરી પાડવાનો સમાવેશ થાય છે.

# દેવ આનંદના પુત્ર સુનીલ આનંદનું લંડનમાં સારવાર દરમિયાન અવસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)
**લંડન, તા.૨૮**

દેવ આનંદના પુત્ર સુનીલ આનંદનું અવસાન થયું છે. તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને લંડનની હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેઓએ અંતિમ શ્વાસ લીધા હતા. સુનીલ આનંદની ઉંમર ૭૦ વર્ષ હતી. તેમના સમયના સ્વર્ગસ્થ, પ્રખ્યાત અભિનેતા દેવ આનંદના પુત્ર સુનીલ આનંદનું અવસાન થયું છે. તેમણે લગભગ ૭૦ વર્ષની વયે લંડનમાં અંતિમ શ્વાસ લીધા. સુનીલની બહેન દેવીના આનંદની પુત્રી ગિની નારંગે એક નિવેદન બહાર પાડીને તેમના સુનીલના મૃત્યુની પુષ્ટિ કરી હતી.

સુનીલની ભત્રીજી ગિની નારંગે નિવેદન બહાર પાડીને તેમના મૃત્યુના સમાચારની પુષ્ટિ કરી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, અમે ખૂબ જ દુઃખ સાથે સુનીલ આનંદના અવસાનના સમાચાર શેર કરીએ છીએ. પ્રેમ, પ્રાર્થના અને સમર્થનના વરસાદથી અમને ખૂબ જ સાંત્વના મળે છે, જેના માટે અમે ખૂબ જ આભારી છીએ. અમે વિનંતી કરીએ છીએ કે આ મુશ્કેલ સમયમાં અમને થોડી ગોપનીયતા આપવામાં આવે.

સામાન્ય રીતે, ઘણા મોટા સ્ટાર્સ તેમના બાળકોને ફિલ્મોમાં ભવ્યતાથી લોન્ચ કરે છે, હીરો અથવા હિરોઈન તરીકે. જોકે, દેવ આનંદે આવું કર્યું નહીં. તેમણે તેમના પુત્રને બોલિવૂડમાં લોન્ચ કર્યો હતો, પરંતુ સહાયક અભિનેતા તરીકે. દેવ આનંદે ૧૯૮૪ માં ''આનંદ ઔર આનંદ'' નામની ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું. દેવ આનંદે મુખ્ય ભૂમિકા ભજવી હતી, અને રાખી અને સ્મિતા પાટિલ પણ આ ફિલ્મનો ભાગ હતા. સુનિલે ફિલ્મમાં સહાયક ભૂમિકા ભજવી હતી, પરંતુ ફિલ્મ ફ્લોપ રહી હતી. ત્યારબાદ સુનિલે મુખ્ય ભૂમિકાઓમાં અભિનય કર્યો. તેમણે ''કાર થીફ'' માં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેમાં તેઓ વિજયતા પંડિત સાથે દેખાયા હતા. ફિલ્મ ખરાબ રીતે ફ્લોપ રહી. સુનિલના કાકા દ્વારા દિગ્દર્શિત ''મૈં તેરે લિયે'' પણ થિયેટરોમાં સારી કમાણી કરવામાં નિષ્ફળ ગઈ. બાદમાં તેમણે કેટલીક ફિલ્મો બનાવી, પરંતુ તેમની કારકિર્દી સારી રીતે સુધરી શકી નહીં.

ઘણા વર્ષો પછી, તેઓ ૨૦૦૧ માં ''માસ્ટર'' સાથે મોટા પડદા પર પાછા ફર્યા, જે એક માર્શલ આર્ટ ફિલ્મ હતી જેનું દિગ્દર્શન તેમણે પણ કર્યું હતું. જોકે, તે પણ સારી કમાણી કરવામાં નિષ્ફળ ગઈ. ત્યારબાદ તેમણે કોઈ ફિલ્મમાં અભિનય કર્યો નહીં. એવું કહેવાય છે કે ૨૦૧૧ માં દેવ આનંદના મૃત્યુ સુધી, તેમણે તેમની હોમ પ્રોડક્શન કંપની, નવકેતન ફિલ્મ્સમાં સહાયક દિગ્દર્શક તરીકે તેમની સાથે કામ કરવાનું ચાલુ રાખ્યું. તેમના પિતાના મૃત્યુ પછી, તેમણે પ્રોડક્શન હાઉસ સંભાળ્યું, પરંતુ વધુ સફળતા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયા. સુનિલની માતા, દેવ આનંદની પત્ની અને તેમના સમયની પ્રખ્યાત અભિનેત્રી, કલ્પના કાર્તિક, તેમની એકમાત્ર પુત્રી સાથે ઉટીમાં રહે છે. તેણી ૯૪ વર્ષની છે.

### અમરનાથ યાત્રા દરમિયાન મોટો અકસ્માત

# અમરનાથ યાત્રાળુઓની બસ ઊંડી ખાઈમાં ખાબકી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**શ્રીનગર, તા.૨૮**

જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રા દરમિયાન એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. ગંદરબાલ જિલ્લાના ગુંડ વિસ્તારમાં હરિગનીવાન નજીક યાત્રાળુઓને લઈ જઈ રહેલી બસ ખતરનાક 'એસ-મોડ' વળાંક પર નિયંત્રણ ગુમાવતા ઊંડી ખાઈમાં ખાબકી હતી. અકસ્માતમાં ડઝનબંધ શ્રદ્ધાળુઓ ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, જ્યારે સુરક્ષા દળો અને સ્થાનિક પ્રશાસને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, બસ અમરનાથ યાત્રાળુઓને લઈને પસાર થઈ રહી હતી ત્યારે ડ્રાઈવરનો બસ પરથી કાબૂ ગુમાતા વાહન સીધું જ ખાઈમાં ખાબક્યું હતું. અકસ્માત બાદ સ્થાનિક લોકો પણ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને બહાર કાઢવાના પ્રયાસોમાં જોડાયા હતા.

ઘટનાની જાણ થતાં ગુંડ પોલીસ, જિલ્લા વહીવટી તંત્ર અને અન્ય સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. દુર્ગમ વિસ્તારમાં બચાવ કામગીરી પડકારજનક હોવા છતાં પોલીસ અને સ્થાનિકોની મદદથી તમામ ઈજાગ્રસ્તોને ખાઈમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. બચાવ કામગીરી ઝડપી બનાવવા માટે વધારાનો પોલીસ કાફલો પણ મોકલવામાં આવ્યો હતો.

આ રેસ્ક્યૂ ઓપરેશનમાં ઈન્ડો-તિબેટન બોર્ડર પોલીસ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ની ૧૧૮મી બટાલિયન, ૨ આસામ રાઈફલ્સ, ૨૧ રાષ્ટ્રીય રાઈફલ્સ તેમજ યાત્રા પોલીસના જવાનોએ સંયુક્ત રીતે કામગીરી કરી હતી. સુરક્ષા દળોએ ઈજાગ્રસ્તોને સુરક્ષિત રીતે બહાર કાઢીને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલોમાં ખસેડ્યા હતા.

હોસ્પિટલમાં તબીબોની ટીમ દ્વારા તમામ ઘાયલોની સારવાર શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક અહેવાલ મુજબ કેટલાક યાત્રાળુઓને સામાન્ય ઈજાઓ પહોંચી છે, જ્યારે કેટલાકની સ્થિતિ ગંભીર હોવાનું જણાવવામાં આવ્યું છે. પ્રશાસન દ્વારા ઘાયલોના પરિવારજનોને જાણ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે.

પ્રશાસને અકસ્માતના ચોક્કસ કારણોની તપાસ શરૂ કરી છે. હાલ અકસ્માતનું કારણ ડ્રાઈવરે બસ પરનો કાબૂ ગુમાવવો હોવાનું પ્રાથમિક રીતે માનવામાં આવી રહ્યું છે, જોકે ટેકનિકલ ખામી અથવા અન્ય કારણો અંગે પણ તપાસ કરવામાં આવશે.

# કુવૈત-પાકિસ્તાન સંરક્ષણ સંબંધોમાં નવો અધ્યાય

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કુવૈત,તા.૨૮**

કુવૈતે લગભગ ત્રણ વર્ષ બાદ પાકિસ્તાન સાથે થયેલા સંરક્ષણ સહયોગ કરારને સત્તાવાર મંજૂરી આપી છે. વર્ષ ૨૦૨૩માં બંને દેશો વચ્ચે હસ્તાક્ષર કરાયેલા આ કરારને હવે કુવૈતી શાહી હુકમનામા બાદ કાનૂની માન્યતા મળી છે. આ નિર્ણયથી બંને દેશો વચ્ચેના લશ્કરી અને સુરક્ષા સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

૧૧ જૂન, ૨૦૨૩ના રોજ થયેલા આ કરારને વિવિધ કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ હવે અમલમાં મૂકવામાં આવ્યો છે. કરારનો મુખ્ય હેતુ કુવૈત અને પાકિસ્તાનની સશસ્ત્ર દળો વચ્ચે તાલીમ, સંરક્ષણ શિક્ષણ, તકનીકી સહયોગ અને વ્યૂહાત્મક સંકલનને વધુ ગાઢ બનાવવાનો છે.

કુવૈતી સરકાર દ્વારા જાહેર કરાયેલા શાહી હુકમનામા મુજબ, આ કરારમાં કુલ ૧૨ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં લશ્કરી તાલીમ, સંરક્ષણ સંસ્થાઓ વચ્ચે સહયોગ, સંયુક્ત અભ્યાસ, અનુભવોની આપ-લે, તકનીકી સહયોગ અને ગુપ્તચર માહિતીના આદાન-પ્રદાન જેવી બાબતોનો સમાવેશ થાય છે. સંબંધિત મંત્રાલયો અને સુરક્ષા એજન્સીઓને કરારના અમલ માટે જરૂરી કાર્યવાહી શરૂ કરવાની સૂચના આપવામાં આવી છે.


કરાર પર હસ્તાક્ષર થયા બાદ લગભગ ત્રણ વર્ષ પછી તેની સત્તાવાર મંજૂરી મળવી બંને દેશો માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ગલ્ફ ક્ષેત્રમાં બદલાતા ભૌગોલિક અને સુરક્ષા સમીકરણોને ધ્યાનમાં રાખીને કુવૈત પોતાની સંરક્ષણ ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. બીજી તરફ, પાકિસ્તાન લાંબા સમયથી ગલ્ફ દેશો સાથે લશ્કરી તાલીમ અને સુરક્ષા સહયોગમાં સક્રિય રહ્યું છે.

નિષ્ણાતોના મતે, આ કરારથી પાકિસ્તાનને ગલ્ફ ક્ષેત્રમાં પોતાની વ્યૂહાત્મક હાજરી વધુ મજબૂત કરવાની તક મળશે. સાથે જ બંને દેશો વચ્ચે સંયુક્ત લશ્કરી તાલીમ, અધિકારીઓની આપ-લે અને સંરક્ષણ ક્ષેત્રમાં ટેક્નિકલ સહયોગને નવી દિશા મળશે.

# એમએસધોની બન્યા માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડ્સના બ્રાન્ડ એમ્બેસેડર

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સુરત, તા.૨૮**

વિશ્વના ચોથા સૌથી મોટા જ્વેલરી રિટેલર એવા માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડ્સે આજે ભારતીય ક્રિકેટના દિગ્ગજ એમ એસ ધોનીને પોતાના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી છે. આ લાંબા ગાળાની ભાગીદારી 'ધ રિસ્પોન્સિબલ જ્વેલર' બ્રાન્ડના ફિલોસોફી પર આધારિત છે, જે માત્ર આભૂષણો પૂરતી મર્યાદિત નહીં રહી, પરંતુ તેનાથી આગળ વધીને જવાબદારી નિભાવવાના અભિગમને પ્રતિબિંબિત કરે છે.




એમએસધોનીએ જણાવ્યું 'મારી સમગ્ર કારકિર્દી દરમિયાન મેં હંમેશા એવું માન્યું છે કે વિશ્વાસ સતત કાર્ય અને નિરંતરતા દ્વારા જ પ્રાપ્ત થાય છે. આજ કારણ છે કે માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડ્સ સાથેની આ ભાગીદારી મારા માટે વિશેષ અર્થ ધરાવે છે. હું માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડ્સ સાથે મળીને વધુ લોકોને માહિતી સભર રીતે જ્વેલરી ખરીદવાના નિર્ણયો લેવા અને સંપૂર્ણ વિશ્વાસ સાથે પોતાની પસંદગી કરવા પ્રેરિત કરવા આતુર છું.'

આ ભાગીદારી અંગે માલાબાર ગ્રુપના ચેરમેન શ્રી એમ.પી. અહમદએ જણાવ્યું છેલ્લા ૩૩ વર્ષથી આજ માન્યતા માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડ્સને માર્ગદર્શન આપતી આવી છે.એમએસધોનીએ પોતાની પ્રામાણિકતા, શિસ્ત અને સતત શ્રેષ્ઠ પ્રદર્શનના બળ પર લાખો લોકોનો વિશ્વાસ અને આદર મેળવ્યો છે. આ ગુણો અમારા પોતાના મૂલ્યો સાથે ઊંડો સંબંધ ધરાવે છે.

અમે માલાબાર પરિવાર ખાતે તેમનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

'ધ રિસ્પોન્સિબલ જ્વેલર' એ માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડ્સની જ્વેલરી વેલ્યૂ ચેઈનના દરેક તબક્કે જવાબદાર વ્યવસાયિક પ્રથાઓને અનુસરવાની લાંબાગાળાની પ્રતિબદ્ધતા છે.

### ગણદેવી તાલુકામાં મા×મ પંચાયત દ્વારા

# વરસાદ અને પૂરમાં નુકસાન થયેલા ૧૫ જેટલા માર્ગોની મરામત કરાવી વાહન વ્યવહાર માટે પૂર્વવત કરાયા




**માર્ગ મકાન પંચાયત દ્વારા રાત-દિવસ ૭ જેટલી ટીમોને કામે લગાડી યુદ્ધના ધોરણે માર્ગોનું કામ કરતા લોકોમાં રાહત**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૨૮**

ગણદેવી તાલુકામાં માર્ગ મકાન પંચાયત દ્વારા અતિભારે વરસાદ અને પૂરમાં માર્ગોને થયેલા નુકસાનમાં દિવસ રાત કરી ૭ જેટલી ટીમો કામે લગાડી યુદ્ધના ધોરણે કામ કરી ૧૫ જેટલા માર્ગોની મરામત કરાવી વાહન વ્યવહાર પૂર્વવત કરાતા લોકોને મોટી રાહત થવા પામી છે.

ઉપરવાસમાં ગુરૂવારના રોજ ખાબકેલા અતિભારે વરસાદ અને પૂરમાં કાંઠા વિસ્તાર અને ગ્રામીણ વિસ્તારોના ગામે ગામ અનેક આંતરિક માર્ગોના ધોવાણ સાથે મોટાપાયે નુકસાન થયું હતું. અને ગ્રામ્ય વિસ્તારના લોકોની કરોડરજ્જુ સમાન માર્ગો પર વાહન વ્યવહારમાં બાધા ઉભી થતા વરસાદનું જોર ધીમુ પડતાની સાથે જ ગણદેવી તાલુકામાં પંચાયત માર્ગ અને મકાન દ્વારા અલગ-અલગ ૭ જેટલી ટીમો અને જેસીબી, ટેક્ટર, ટેન્કર જેવા યાંત્રિક સાધનોનો કાફલો ઉતારી સૌથી વધુ પ્રભાવિત થયેલા ૧૫ જેટલા માર્ગોની યુદ્ધના ધોરણે મરામત તાકીદે હાથ ધરી મોડી રાત સુધી કામગીરી ચાલુ રાખી ખુબજ ટૂંકા ગાળામાં આ માર્ગોને યથાવત સ્થિતિમાં લાવી સુચારૂ વાહનોની અવરજવર માટે અનુકૂળ કરવામાં આવ્યા હતા.

માર્ગ અને મકાન પંચાયત દ્વારા ગ્રામ્ય વિસ્તારના માગાની મરામતને પ્રાધાન્ય આપી તાકીદે મરામત કરાતા લોકાને મોટી રાહત થવા પામી હતી.

### ચીખલી સહિત ગણદેવી તાલુકાના પુરગ્રસ્ત વિસ્તારોમાં

# નવસારી જિલ્લા ક્વોરી એસોસિએશને માનવતા મહેકાવીઃ ૧૫ હજારથી વધુને ભોજન અને ભારે મશીનરી અને રાહત સામગ્રી સાથે સેવાયજ્ઞ

**જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ક્વોરી એસોસિએશન દ્વારા રોગચાળો ન ફેલાય તે માટે મશીનરીઓ દ્વારા કાદવ-કચીડની સફાઈ સાથે મૃત પશુઓની પણ યોગ્ય વ્યવસ્થા કરાઈ**



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૨૮**

ગત સપ્તાહે અતિભારે વરસાદને પગલે ચીખલી અને ગણદેવી તાલુકામાં એક સદીનું સૌથી ભયાવહ અને વિનાશક પૂર જોવા મળ્યું હતું. પૂરના લીધે અનેક ઘરો, રસ્તાઓ અને જાહેર મિલકતો પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. તેમજ જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત બની ગયું હતું. આવી કુદરતી આપત્તિની કટોકટીભરી ક્ષણોમાં નવસારી જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાની અને જિલ્લા ભાજપ પ્રમુખ ભૂરાભાઈ શાહની અપીલ સાંભળી ત્વરિત ક્વોરી એસોસિએશન આગળ આવી કેન્દ્રીય કેબિનેટ મંત્રી સી.આર.પાટીલ, રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી નરેશભાઈ જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ ડો.અમિતાબેન પટેલના માર્ગદર્શન અને જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાની, ખાણ ખનિજ અધિકારી ખાંભલા, પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ સાથેની વહીવટી ટીમ સાથે સંકલન સાધી પૂરગ્રસ્ત વિસ્તારોમાં અભૂતપૂર્વ રાહત અને પુનઃવસન કામગીરી હાથ ધરીને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

લોકમાતા કાવેરી, ખરેરા નદી અને અંબિકા નદીએ ઐતિહાસિક જળસપાટી નોંધાવી કાંઠા વટાવ્યા હતા. પૂરના પાણીમાં ઘેરાયેલા અને બેઘર બનેલા લોકોને તાત્કાલિક રાહત પહોંચાડવા માટે નવસારી ક્વોરી એસોસિએશને રસોડા ધમધમતા કર્યા હતા. કોસ્ટલ બેલ્ટના અંતરિયાળ ગામો તેમજ ચીખલી નદી કાંઠાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં અત્યાર સુધીમાં ૧૫ હજારથી વધુ ગરમ ભોજનના પેકેટ તૈયાર કરી પીરસવામાં આવ્યા છે.

આ ઉપરાંત પૂરના પાણી ઓસર્યા બાદ પણ લોકોની મુશ્કેલીઓ પૂર્ણ થઈ ન હોવાથી ક્વોરી એસોસિએશન દ્વારા અસરગ્રસ્ત પરિવારોને ઠંડી અને વરસાદથી રક્ષણ મેળવવા માટે ધાબળા અને તાડપત્રીનું દાન કરી આશ્રય પૂરો પાડવામાં આવ્યો છે. પૂરના લીધે ભરાયેલો સેંકડો ટન કચરો, કાંપ અને રસ્તાઓ પરથી માટી કીચડ હટાવવા અને પૂરના પાણી ઓસર્યા બાદ રોગચાળો ન ફેલાય તે માટે સફાઈને પ્રાથમિકતા આપી ક્વોરી એસોસિએશન દ્વારા ૧૦ જેટલા મોટા લોડર, ૨૦ જેસીબી મશીન, ૧૦ મોટા ટ્રક જેવા ભારે વાહનોનો મોટો કાફલો ઉતારી ક્વોરી એસોસિએશન દ્વારા પોતાના સંસાધનોનો ઉપયોગ કરી યુધ્ધના ધોરણે સાફ સફાઈ કામગીરી હાથ ધરી આ પૂરના પાણીમાં ગરકાવ ચીખલીના સ્મશાન ગૃહ, સ્થાનિક કોર્ટ રૂમ તેમજ નદી કિનારાના સમગ્ર વિસ્તારમાં ભારે મશીનરી અને કામદારોની મદદથી સફાઈ કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

બીલીમોરાના પૂરગ્રસ્ત વિસ્તારોની શેરીઓ અને જાહેર માર્ગો પર ભરાયેલા કચરા અને કાદવ-કીચડને દૂર કરીને શેરીઓની સફાઈ હાથ ધરવામાં આવી હતી. ભયાનક પૂરમાં અનેક પશુઓ પણ તણાઈ જવાથી કે ડૂબી જવાથી મૃત્યુ પામ્યા હતા. ત્યારે ગણદેવી તાલુકાના પૂરગ્રસ્ત વિસ્તારોમાં દુર્ગંધ અને ગંભીર રોગચાળો ફેલાવવાનું જોખમ હોય તેવામાં જિલ્લા ક્વોરી એસોસિએશનની ટીમે ત્વરિત કામગીરી કરી તમામ મૃત પશુઓનો યોગ્ય અને સલામત રીતે નિકાલ કરીને વિસ્તારને મોટી મહામારીના ભયમાંથી ઉગારી લીધો છે. અતિવૃષ્ટિ અને પૂરનફી આ વિકટ પરિસ્થિતિમાં જિલ્લા ક્વોરી એસોસિએશન પુરસરગ્રસ્તોની પડખે ઉભા રહી માનવીય અભિગમ સાથે કરવામાં આવેલ આ સેવાકીય કામગીરીની સમગ્ર નવસારી જિલ્લા અને દક્ષિણ ગુજરાતમાં સરાહના સાથે આગેવાનો અને લોકો બિરદાવી રહ્યા છે. એસોસિએશનના આ અવિરત સેવાયજ્ઞથી હજારો પૂરપીડિતોને નવું જીવન અને આશ્વાસન સાંપડ્યું છે.

# ધરમપુરમાં આપદા મિત્રાના તાલીમાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૨૮**

વલસાડ જિલ્લામાં તા. ૦૧/૦૭/૨૬ થી તા.૦૭/૦૭/૨૦૨૬ના રોજ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ ગાંધીનગર દ્વારા સ્પીપાના સંકલનમાં YAMS (યુવા આપદા મિત્ર સ્કીમ) હેઠળ NSS અને MYB (માય યુવા ભારત)ના ૮૪ વિદ્યાર્થીઓની ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની તાલીમ પૂર્ણ કરવામાં આવી હતી.

આ વિદ્યાર્થીઓ દ્વારા હાલમાં જ્યારે વલસાડ જિલ્લામાં પૂરની પરિસ્થિતિ ઊભી થઈ ત્યારે રિયલ હીરો તરીકે ધરમપુરના નીચાણવાળા પૂરગ્રસ્ત વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં શ્રી વનરાજ આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ ધરમપુર ( NSS ) ના વિદ્યાર્થીઓએ સફાઈ માટે સૌને પ્રેરિત કર્યા હતા. આ યુવાઓએ NSS નું ધ્યેય વાક્ય "Not Me, But You" (હું નહીં, પરંતુ આપ)ને સાર્થક કરી બતાવ્યું છે. જ્યારે આપણા જ વિસ્તારના લોકો મુશ્કેલીમાં હોય, ત્યારે માનવતાની સેવા કરવીએ આપણા સૌની પ્રાથમિક ફરજ બની રહે છે.

આપણા એક નાનકડા પ્રયાસથી કોઈના ચહેરા પર સ્મિત અને આશા આવી શકે છે તેવા હેતુથી પૂરની પરિસ્થિતિમાં આપદા મિત્રો દ્વારા સફાઈની કામગીરી હાલ કરવામાં આવી રહી છે.

### બચાવો... બચાવો...ની બૂમો વચ્ચે ૭૫ વર્ષીય દિવ્યાંગ વૃદ્ધાનું

# વલસાડ પાલિકાના ફાયરના જવાનોએ જહેમતપૂર્વક રેસ્ક્યૂ કરી નવું જીવન આપ્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૨૮**

વલસાડના છીપવાડ ખાતે આવેલી ઐતિહાસિક રેલમાં લોકોના ઘરો પાણીમાં ડૂબી જતા જીવન અને મરણ વચ્ચે અત્યંત કપરી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. આ કુદરતી આપત્તિ સમયે વલસાડ નગરપાલિકા દ્વારા અનેક લોકોને રેસ્ક્યુ કરવાની પડકારજનક કામગીરી બખૂબી નિભાવવામાં આવી હતી. જેમાં પાલિકાના ફાયરના જવાનો અને કોસંબાના તરવૈયાઓએ એક ૭૫ વર્ષીય દિવ્યાંગ વૃદ્ધાનું રેસ્ક્યુ પણ ખૂબ જ જહેમતપૂર્વક કરી નવું જીવન આપ્યું છે.



વલસાડ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી યશપાલસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, છીપવાડમાં રેલ આવી ત્યારે લોકોને બચાવવા માટે અનેક લોકોના કોલ આવી રહ્યા હતા, જે પૈકી એક કોલ છીપવાડના વાવડીમાં ૭૫ વર્ષીય દિવ્યાંગ વૃદ્ધાને બચાવવા માટેનો હતો. જેથી ફાયર ટીમને તાત્કાલિક રવાના કરી હતી. વૃદ્ધા બુધલીબેન લલ્લુભાઈ કુંકણા અને તેમના દીકરાને રેસ્કયુ કેવી રીતે કરવામાં આવ્યું તે અંગે વલસાડ પાલિકાના ફાયર ઓફિસરશ્રી હરદિપ ગઢવીએ જણાવ્યું કે, ફાયરના જવાનો બોટ લઈને ગયા ત્યારે જાયુ તો ઘરમાં ગળા સુધી અંદાજે પાંચ ફૂટ પાણી ભરાયેલા હતા. માજીને લાઈફ રીંગ પહેરાવી પાણીના ધસમસતા પ્રવાહ વચ્ચે રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા.

પોતાનો જીવ બચ્યો હોવાનો આભાર માનતા પૂર અસરગ્રસ્ત બુધલીબેન લલ્લુભાઈ કુંકણા (ઉ.વ.૭૫, રહે. છીપવાડ-વાવડી, વલસાડ)એ જણાવ્યું કે, હુ દિવ્યાંગ છું, પગે ચાલી શકતી નથી. ઘરમાં પૂરના પાણી ભરાતા મારા દીકરા વિજયે મને ખાટલા પર ખુરશી મુકી બેસાડી હતી. તેમ છતાં પાણીનો પ્રવાહ એટલો બધો આવતો હતો કે ઉપર બેસી હોવા છતાં મારા ગળા સુધી પાણી આવી ગયા હતા, હું બચાવો...બચાવો...ની બૂમો પાડી રહી હતી. તે સમયે તો મે જીવવાની આશા જ છોડી હતી. પાણીમાં ડૂબી જવાની હાલત વચ્ચે મને નજર સામે મોત દેખાતુ હતું. આખરે વલસાડ પાલિકાના ફાયરના જવાનો મારા માટે દેવદૂત બનીને આવ્યા અને મને પૂરમાંથી બહાર કાઢી મને નવું જીવન આપ્યું છે. એટલું જ નહીં મને એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. મને નવું જીવન આપવા બદલ હું વલસાડ નગરપાલિકાના ફાયર જવાનોનો આભાર માનું છું

# પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વલસાડ-ધરમપુરના પૂરગ્રસ્તો માટે માનવતાભરી રાહત સેવાઃ હજારો ફૂડ પેકેટ અને વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૨૮**

વલસાડ અને ધરમપુર તાલુકાના પૂરગ્રસ્ત વિસ્તારોમાં પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ, ધરમપુરના પ્રમુખ ઋષિત મસરાણીના માર્ગદર્શન હેઠળ વ્યાપક રાહત અને પુનર્વસન કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કપરા સમયમાં કુદરતી આપદાનો ભોગ બનેલા અસરગ્રસ્તોને તાત્કાલિક મદદરૂપ થવા માટે ટ્રસ્ટ દ્વારા નિઃસ્વાર્થ ભાવે માનવતાભરી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

પૂરથી પ્રભાવિત જરૂરિયાતમંદ પરિવારોને જીવનજરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવાના હેતુથી ટ્રસ્ટ દ્વારા અંદાજે ૧૦,૦૦૦ ફૂડ પેકેટ, ૧,૦૦૦ નાઈટી અને આંતરવસ્ત્રો, ૨૦૦ લિટર દૂધ, ૨,૦૦૦ પાણીની બોટલો, ૫૦ રાશન કિટ તેમજ ૨૦૦ વિક્સ બામની ડબ્બીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, પૂરના કારણે પોતાની શૈક્ષણિક સામગ્રી ગુમાવી ચૂકેલા વિદ્યાર્થીઓને ફરીથી શિક્ષણ સાથે જોડવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ હતી. જે અંતર્ગત ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ, નોટબુક, પેન, પાટિયું, પાણીની બોટલ, લંચબોક્સ, કંપાસ બોક્સ અને કલર સહિતની સંપૂર્ણ સ્ટેશનરી કિટ એનાયત કરવામાં આવી હતી.

માત્ર રાહત સામગ્રીના વિતરણ પૂરતુ સીમિત ન રહેતા, ટ્રસ્ટના ૩૫ જેટલા સેવાયોદ્ધાઓએ પૂરગ્રસ્ત વિવિધ વિસ્તારોમાં જઈને સઘન સફાઈ અભિયાન પણ ચલાવ્યું હતું. સ્વયંસેવકોએ જાતે લોકોના રહેઠાણો અને જાહેર સ્થળોની સફાઈ કરીને નાગરિકોને પુનઃસામાન્ય જીવન શરૂ કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલી આ માનવતાભરી કામગીરી સ્થાનિક લોકો માટે આશાનું કિરણ બની છે અને સમાજના અનેક દાતાશ્રીઓ તથા સ્વયંસેવકોના સહયોગથી આ ભગીરથ રાહત કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

**સુરતના પાર્લે પોઈન્ટ વિસ્તારમાં વિજયરામચન્દ્રસૂરીશ્વરજી આરાધનાભવન ખાતે મંગલમય ચાતુર્માસ**

# અષાઢી ચાતુર્માસ એ ધર્મ આરાધનાનો સર્વશ્રેષ્ઠ કાળ છેઃ વિજય પુણ્યરક્ષિતસૂરિજી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૮**

જૈનોની ધર્મનગરી-દીક્ષાનગરી સુરત શહેરના હાર્ટ સમા પાર્લે પોઈન્ટ વિસ્તારમાં શ્રી સુરત જિનાજ્ઞા ટ્રસ્ટના ઉપક્રમે વિજય રામચન્દ્રસૂરીશ્વરજી આરાધનાભવન ખાતે ચાલુ વર્ષે અષાઢી ચાતુર્માસાર્થે જિનશાસનજયોતિર્ધર ‘‘સૂરિરામચન્દ્ર’’ સામ્રાજ્યવર્તી જિર્ણોદ્ધારજ્યોતિર્ધર પૂ.આ.શ્રી વિજયમુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્યરત્ન પ્રવચનકાર પૂ.આ.શ્રી વિજયપુણ્યરક્ષિતસૂરિજી મ. આદિની પાવન પધરામણી થયેલ છે.

આજરોજ અષાઢ સુદ-૧૪ મંગળવાર તા.૨૮ જુલાઈના ચાતુર્માસ પ્રારંભના દિને ‘‘ચૌમાસી પર્વનો મહિમા’’ વિષય પર પ્રવચનમાં પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે, વિરાધનના વિષય દૂર કરીને આરાધનાના અમૃતનું પાલન કરવાનું પુણ્ય પર્વ એટલે ચાતુર્માસ. વાસનાથી વિમુખ બની ઉપાસનાની સન્મુખ બનવાનું પર્વ એટલે ચાતુર્માસ. દુર્ગતિના દ્વાર બંધ કરી સદ્ગતિના દ્વારનું ઉદ્ઘાટન કરવાનું અદ્વિતીય પર્વ એટલે ચાતુર્માસ.

જેમ દિવસની મધ્યમાં લીધેલું ભોજન સમગ્ર દિવસનું ચાલકબળ બની રહે છે. જેમ શરીરની મધ્યમાં રહેલું હૃદય જેમ સમગ્ર શરીરમાં લોહીનું વાહક બળ બની રહે છે. જેમ જીવનની મધ્યમાં રહેલું યૌવન સમસ્ત જીવનનો સુવર્ણકાળ ગણી શકાય છે. તેમ સમગ્ર વર્ષની મધ્યમાં આવતું અષાઢ ચોમાસું ધર્મ આરાધના કરવા માટેનો અમૂલ્ય કાળ ગણાય છે.

શાસ્ત્રકારોએ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોને ૮ મહિના વગર કારણે વધારે રહેવાની મનાઈ કરી છે. જ્યારે ચાતુર્માસમાં વિહાર (પદયાત્રા) કરવાની મનાઈ કરી છે. કારણ? ચાતુર્માસ એટલે વિશેષ જીવોત્પત્તિનો કાળ છે.

અષાઢી ચાતુર્માસનો મુખ્ય હેતુ છે - ‘‘વિરાધનાનો પરિહાર’’ ચાતુર્માસ એટલે આરાધનાની ઓનલાઈન અને વિરાધનાની ઓફલાઈન. ચાતુર્માસ એટલે સદ્ગુરુના સંગે ધર્મના રંગે રંગાવવાની મૌસમ.

જે કરવા જેવું છે તે કરવું અને જે છોડવા જેવું છે તે છોડવું આ છે ચાતુમાજસનો સંદેશ. આચાર-અનાચાર, ભક્ષ્ય-અભક્ષ્ય, કથનીય-અકથનીયનો દૃષ્ટિવિવેક એ ચાતુમાજસનું પ્રમાણ છે.

ચાતુર્માસના ચાર મહિના તો ધર્મમય-અહિંસામય-કરુણામય અને આત્મમય જીવન જીવવું જોઈએ. ચાતુર્માસ દરમ્યાન આરંભ-સમારંભ મટાડો-ઘટાડો! વધુમાં વધુ જ્ઞાનાર્જન કરો! જિનવાણી શ્રવણ કરો! પૂજા-પ્રભાવના કરો! જીવનને સંયમી બનાવો. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકરૂપ ચતુર્વિધ શ્રી સંઘની ભક્તિ કરો! ભૌતિક જગતમાં લગ્ન વખતે સુંદર મંડપ તૈયાર કરે, આભૂષણો અને વસ્ત્ર સુંદર પહેરે આ બધુ જેમ શોભા કરનાર છે. તેમ આધ્યાત્મિક જગતમાં ચાતુર્માસની અંદર સામાયિક-પ્રતિક્રમણ-પૌષધાદિ કર્તવ્યો ચાતુર્માસના આભૂષણો છે. અલંકારો છે. આ આધ્યાત્મિક અલંકારોથી જીવન દીપે છે.

શાસ્ત્રકાર ભગવંતોએ શ્રાવક-શ્રાવિકાઓ માટે ચાતુર્માસમાં અવશ્ય આચરવા યોગ્ય ૯ કર્તવ્યો બતાવ્યા છે. જે ચાતુર્માસના ૯ અલંકારો તરીકે સુપ્રસિદ્ધ છે. જે આ પ્રમાણે છે. (૧) સામાયિક, (૨) આવશ્યક (પ્રતિક્રમણ), (૩) ઔષધ, (૪) પરમાત્મપૂજા, (૫) સ્નાત્રપૂજા, (૬) પરમાત્માને આંગી, (૭) બ્રહ્મચર્યનું પાલન, (૮) દાન, (૯) તપ.

ધરતી ઝંખે પાણી, ધર્મી ઝંખે વાણી, આવ્યું ચોમાસું જાણી. પૂજ્યશ્રીએ આ ચાતુર્માસમાં વિશેષ માટે વ્રત-નિયમો ગ્રહણ કરવા જોઈએ એમ જણાવ્યું હતું. વ્રત-નિયમનો શું મહિમા છે? તે સમજાવ્યું હતું.

નાનકડા ચાર નિયમના પાલનથી વંકચૂલ જેવો ચોર બારમાં દેવલોકમાં પહોંચ્યો હતો. તેની દિલધડક શાસ્ત્રીય કથા વર્ણવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. અને ઘણા શ્રોતાઓએ વ્રત-નિયમો પણ ગ્રહણ કર્યા હતા. ‘‘પ્રતિજ્ઞા એ બંધન નથી પણ પાપથી મુક્તિ છે.’’ એમ જણાવ્યું હતું. આ ચાતુર્માસ દરમ્યાન અષાઢ વદ-૨ થી ‘‘શ્રી ઉપદેશ કલ્પવલ્લી ગ્રંથ’’ આધારિત શ્રાવકના ૩૬ કર્તવ્યો પર દૈનિક પ્રવચન તથા પ્રતિ રવિવારે બપોરે ‘‘શ્રી વસ્તુપાળ મંત્રીશ્વરની અંતિમ પ્રાર્થના’’ વિષય પર જાહેર પ્રવચન યોજાશે. અષાઢ વદ-૧ ગુરુવાર તા.૩૦ જુલાઈથી સામુદાયિક શ્રી દસવિધયતિધર્મ તપનું આયોજન થનાર છે. ધર્મારાધનાનો સુંદર માહોલ સર્જાશે.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# નીતિન ગડકરી પેટ્રોલિયમ મંત્રી નહીં હોવા છતાં E-20ને પ્રમોટ કરવામાં સૌથી આગળ

## E-20 બ્લેન્ડેડ પેટ્રોલઃ માઈલેજમાં ઘટાડાની વાત સાચી હોય તો સરકારે સમયસર આ દિશામાં પારદર્શકતા સાથે આગળ વધવું જોઈએ અને આ વાતમાં વજૂદ ન હોય તો એ વિશે પણ લોકોને માહિતગાર કરવા જોઈએ

પેપર લીક પછી માઈલેજ લીકને મોટો મુદ્દો બનાવવાની દિશામાં હિલચાલ શરૂ થઈ છે. ૧૬મી મેએ સોશિયલ મીડિયા મંચ પર શરૂ થયેલી કોકરોચ જનતા પાર્ટીએ શરૂ કરેલાં આંદાલનને પગલે પચીસમી જુલાઈએ કેન્દ્રના શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દેવું પડ્યું. હવે, E-20 જનતા પાર્ટી નામથી સોશિયલ મીડિયા પર એકાઉન્ટ ખુલ્યાં છે અને તેના ત્રણેક લાખ ફોલોઅર તો જોતજોતાંમાં થઈ ગયા છે. પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલના બ્લેન્ડિંગનો વિરોધ તથા ૧૦૦ ટકા મિશ્રણરહિત પેટ્રોલ ઓછા દરે મેળવવાની પસંદગી ગ્રાહકોને હોવી જોઈએ એવા મુદ્દા સાથે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીનાં રાજીનામાંની માગણી થવા લાગી છે. દિલ્હીના જંતર મંતર અને મુંબઈમાં શિવાજી પાર્ક ખાતે યોજાયેલાં આંદોલનોમાં નીતિન ગડકરીનાં રાજીનામાંની માગણી કરતાં સૂત્રોચ્ચાર અને બેનર દેખાયાં હતાં, હવે ઓનલાઈન ચળવળ શરૂ થઈ છે. E-20 પેટ્રોલના ઉપયોગથી વાહનના માઈલેજમાં ઘટાડો નોંધાય છે તથા એન્જિનને નુકસાન પહોંચે છે એવા દાવા છેલ્લા થોડા સમયથી થઈ રહ્યા છે અને સરકારે આ દાવાઓનું ખંડન કર્યું હોવા છતાં આ પ્રચાર અટકી રહ્યો નથી. વળી, સોશિયલ મીડિયા પર એવો પ્રચાર પણ શરૂ થયો છે કે, નીતિન ગડકરીના પુત્ર સાથે સંકળાયેલી કંપનીને E-20ના બ્લેન્ડિંગથી ફાયદો પહોંચે એ માટે આ નીતિ લાવવામાં આવી છે. ગડકરીએ આ પ્રચાર, ડીપફેક અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી બનાવેલા વીડિયો દ્વારા થઈ રહેલી બદનામી હોવાનું જણાવી મેટા, એક્સ કોર્પ તથા ગૂગલ એલએલસી જેવા ટેક જાયન્ટ્સ તથા અન્યો સામે ફોજદારી દાવો નોંધાવવાની માગેલી પરવાનગી બોમ્બે હાઈકોર્ટે બહાલ કરી છે. **લોકતાંત્રિક રીતે દેશના નાગરિકોને પોતાની વાત મૂકવાનો અને સરકારની નીતિઓ-નિર્ણયોનો વિરોધ કરવાની છૂટ છે,** પણ વિરોધ પ્રદર્શન, આંદોલનો અને લોકજુવાળ ઊભો કરી તેની આડમાં દેશવિરોધી એજન્ડા ચલાવવાની છૂટ કોઈને પણ ન હોઈ શકે. હવે E-20નાં નામે આંદોલન કરવાની તૈયારી થઈ રહી હોય એવું લાગે છે. માઈલેજમાં ઘટાડાની વાત સાચી હોય તો સરકારે સમયસર આ દિશામાં પારદર્શકતા સાથે આગળ વધવું જોઈએ અને આ વાતમાં વજૂદ ન હોય તો એ વિશે પણ લોકોને માહિતગાર કરવા જોઈએ. બ્રાઝિલ ઈથેનોલનો સ્વીકાર કરનારા શરૂઆતી દેશોમાંથી એક છે અને ત્યાં અનેક દાયકાઓથી બ્લેન્ડેડ પેટ્રોલ સાથે ૧૦૦ ટકા પેટ્રોલ પણ ઉપલબ્ધ છે અને પસંદગીનો અધિકાર નાગરિકોને છે. આથી, ફરજિયાતપણે E-20ના ઉપયોગના સરકારના આગ્રહ સામે વિરોધ છે. વળી, ગડકરી પેટ્રોલિયમ મંત્રી નહીં હોવા છતાં E-20ને પ્રમોટ કરવામાં સૌથી આગળ છે, આથી પ્રચાર શરૂ થયો કે તેમના પુત્રની કંપનીને આનાથી આર્થિક લાભ થાય એમ છે. ગડકરીએ સોશિયલ મીડિયા પર થઈ રહેલા આ પ્રચાર બાબતે અદાલતના દ્વાર ખખડાવ્યા છે. જો કે, હાલના અનુભવો પરથી સરકારે જનતાની વિરૂદ્ધ નહિ પરંતુ તેમને પસંદ એવા ફાયદાકારક પગલાં ભરવાની આવશ્યકતા છે.

# આવકની અસમાનતા : શહેરો-ગામડામાં મજૂરો વધ્યા

# દેશમાં વધતી શ્રીમંતોની સંખ્યા, ૫૭૬ ધનિકોની આવક રૂા. ૧૦૦ કરોડથી વધુ

## આકારણી વર્ષ ૨૦૨૫-૨૬માં અબજોપતિ ચાર ગણા વધ્યા : ૨૦૨૦-૨૧માં ૧૪૨ કરોડપતિઓ હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮**

આકારણી વર્ષ ૨૦૨૫-૨૬માં ૫૭૬ લોકોએ પોતાના ઈન્કમટેક્સ રિટર્નમાં ૧૦૦ કરોડ રૂપિયા કે તેથી વધારે કુલ આવક બતાવી છે. આ સંખ્યા છેલ્લા પાંચ વર્ષોમાં ચાર ગણી વધી છે. કેન્દ્રીય નાણા મંત્રાલયનાં રાજ્ય કક્ષાનાં પ્રધાન પંકજ ચૌધરીએ એક પ્રશ્નનાં જવાબમાં આ માહિતી આપી હતી. પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે શું સરકારને ખબર છે કે દેશમાં અબજપતિઓની સંખ્યામાં મોટા પ્રમાણમાં વૃદ્ધિ થઈ છે અને બાબતમાં ભારત વિશ્વનાં અગ્રણી દેશોમાં સામેલ છે. ચૌધરીએ જણાવ્યું હતું કે ઈન્કમ ટેક્સ એક્ટ, ૨૦૨૫ અથવા જૂના ઈન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧માં અબજપતિ શબ્દની કોઈ કાયદાકીય પરિભાષા નથી. જો કે આકારણી વર્ષ ૨૦૨૫-૨૬માં ફાઈલ કરવામાં આવેલા ઈન્કમ ટેક્સ રિટર્ન (આઈટીઆર)માં ૧૦૦ કરોડ રૂપિયા કે તેથી વધારે આવક બતાવનારા લોકોની સંખ્યા ૫૭૬ હતી. આ સંખ્યા ૨૦૨૦-૨૧માં ૧૪૨ હતી



એટલે કે પાંચ વર્ષોમાં આ સંખ્યા ચાર ગણી વધી છે. ૧૦૦ કરોડ રૂપિયા કે તેથી વધારે આવક બતાવનારાઓની કુલ સંખ્યા ૨૦૨૨-૨૩માં ૩૦૧ હતી. જે આકારણી વર્ષ ૨૦૨૩-૨૪માં ઘટીને ૨૮૪ થઈ ગઈ હતી. જો કે આકારણી વર્ષ ૨૦૨૪-૨૫માં આ સંખ્યા વધીને ૪૧૫ થઈ ગઈ હતી. સરકારને વધુ એક પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે આવક અને સંપત્તિનાં વધતા જતાં કેન્દ્રીકરણની આવક અસમાનતા, રોકાણ, રોજગાર નિર્માણ અને સમાવિષ્ટ આર્થિક વિકાસ પર થતી અસર અંગે સરકારે કોઈ અભ્યાસ કર્યો છે કે નહીં? આ પ્રશ્નનાં જવાબમાં ચૌધરીએ જણાવ્યું હતું કે પિરિયોડિક લેબર ફોર્સ સર્વે (પીએલએફએસ) અહેવાલ દર્શાવે છે કે શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં શ્રમ બજારો કોવિડ પહેલાનાં સ્તરથી આગળ વધી ગયા છે. ૧૫ વર્ષ અને તેથી વધુ ઉંમરનાં વ્યકિતઓ માટે બેકારીનો દર ૨૦૨૨માં ૩.૬ ટકાથી ઘટીને ૨૦૨૫માં ૩.૧ ટકા થયો છે.

# દેશમાં બેન્ક પર સૌથી મોટો સાયબર હુમલો

# બેન્ક ઓફ બરોડાનો વન ટીબી ડેટા ઓનલાઈન લીક કર્યાનો હેકરોનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮**

બેંક ઓફ બરોડામાં વન ટીબી જેટલા ડેટા લીક્સની પ્રબળ સંભાવના છે. તેને

## ડેટા બેન્કના સર્વર પરથી નહીં પરંતુ કર્મચારીના પ્રાઈવેટ ઈ-મેઈલ એકાઉન્ટ પરથી લીક થયાનો બેન્કનો દાવો

દેશમાં કોઈપણ બેન્ક સાથે જોડાયેલો અત્યાર સુધીનો સૌથી મોટો સાઈબર હુમલો માનવામાં આવે છે. એક હેકરનો દાવો છે કે તેણે બેંકના સર્વરોમાંથી લગભગ વન ટીબી ડેટા લીક કર્યો છે અને તેને ઓનલાઈન અપલોડ કરી દીધો છે. હેકરે ડેટા લીક સાથે જોડાયેલા કેટલાક દસ્તાવેજ ઓનલાઈન શેર પણ કર્યા છે. હેકરે લીક કરેલા ડેટાસેટમાં ગ્રાહકોના નામ, મોબાઈલ નંબર, ઓળખપત્ર, બચત તેમજ ચાલુ ખાતા રેકોર્ડ અને ઋણસંબંધી દસ્તાવેજો સામેલ છે. બેંક ઓફ બરોડાએ પણ આ દાવાના કલાકો પછી આ ઘટના બની હોવાની વાત સ્વીકારી છે, પરંતુ બેંક ઓફ બરોડાએ જણાવ્યું હતું કે તેમની કોર બેંકિંગ સિસ્ટમ સલામત છે, તેના પર કોઈ હુમલો થયો નથી, પરંતુ કર્મચારીનો ઈ-મેઈલ લીક થવાના કારણે આ પ્રકારે હેકિંગ થયું છે. બેન્કે આ મામલે સર્વગ્રાહી ફોરેન્સિક તપાસ શરૂ કરી છે. વાસ્તવમાં કેશલેસ કનઝ્યુમરના સંસ્થાપક અને સોફ્ટવેર એન્જિનિયર શ્રીકાંત લક્ષ્મણને સોશિયલ મીડિયા સાઈટ પર સ્ક્રીનશોટ શેર કરતાં જણાવ્યું હતું કે લીક થયેલી ડેટાની લિંક સક્રિય છે. તેમણે આ ઘટનાને એક સાઈબર હોનારત ગણાવી.

અહેવાલ મુજબ લક્ષ્મણને દાવો કર્યો છે કે તે લીક થયેલી ફાઈલોના એક હિસ્સાનું વેરિફિકેશન કરવા સક્ષમ હતા, જેમા બેંક ઓફ બરોડાના આંતરિક દસ્તાવેજો જેવા કે કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ રિપોર્ટ, ઋણ મૂલ્યાંકન દસ્તાવેજ, આંતરિક સંચાર, તકેદારી તપાસ રેકોર્ડ, બોબવર્લ્ડ કોમ્પ્ટ્રોલર રિપોર્ટ અને સમગ્ર દેશની કેટલીય બેન્ક શાખાઓના ગ્રાહક આવેદનપત્ર પણ સામેલ છે.

લક્ષ્મણનના જણાવ્યા મુજબ આ ડેટા લીકની સૌથી પહેલા જાણકારી ૨૫ જુલાઈએ ડાર્ક વેબ ટ્રેકિંગ સાઈટ રેન્સમવેર દ્વારા આપવામાં આવી હતી. હેકરનો દાવો છે કે તેણે ડાર્ક વેબ પર લગભગ વન ટીબી ડેટા લીક કર્યો છે. ચિંતાની વાત એ છે કે જો આધાર કાર્ડની જાણકારી અને અન્ય વ્યક્તિગત જાણકારી લીક થઈ હોય તો કૌભાંડીઓ




તેનો દૂરૂપયોગ બનાવટી અરજીઓ, બનાવટી કેવાયસી દસ્તાવેજો અથવા અન્ય નાણાકીય છેતરપિંડી માટે કરી શકે છે. જો કે કોઈ હેકિંગ સમૂહે આ ડેટા લીકની જવાબદારી લીધી નથી, પરંતુ લક્ષ્મણનનું માનવું છે કે આ હુમલો ટ્રિપલ એક્સ નામના નવા સાઈબર અપરાધ ગ્રુપ દ્વારા કરવામાં આવ્યો હોઈ શકે છે.

# કોકરોચ જનતા પાર્ટીની આંદોલનની ચીમકી બાદ ફરી ઝૂકી સરકાર

## બિહાર-આસામમાં નોંધાયેલી FIR પાછી ખેંચવાનો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮:** વિદ્યાર્થીઓ અને યુવા આંદોલનકારીઓના સતત વિરોધ પ્રદર્શન બાદ આખરે સરકારી સ્તરે મોટો ઉકેલ આવતો દેખાઈ રહ્યો છે. મોડી રાત્રે સરકારી પ્રતિનિધિઓ અને આંદોલનનું નેતૃત્વ કરી રહેલી કોકરોચ જનતા પાર્ટી વચ્ચે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠક બાદ વિદ્યાર્થીઓ સામે નોંધાયેલા કેસો પાછા ખેંચવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. દિલ્હી પોલીસના મધ્યસ્થી અધિકારીઓ સાથે ચાલેલી લાંબી ચર્ચા બાદ બિહાર અને અસમ સરકારે આ અંગે મહત્વપૂર્ણ આદેશ બહાર પાડ્યા છે. કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર મોડી રાત્રે ૧ વાગ્યે એક પોસ્ટ શેર કરીને આ સમગ્ર બાબતની જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આખા મામલામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહેલા દિલ્હી પોલીસના ઉચ્ચ પ્રતિનિધિઓ મોડી રાત્રે તેમને મળવા આવ્યા હતા. દાસના જણાવ્યા મુજબ, આ બેઠક આશરે ૨થી ૩ કલાક સુધી ચાલી હતી, જેમાં સરકારે આંદોલનકારીઓને આપેલા વચનો અંગે વિગતવાર ચર્ચા થઈ હતી. પોલીસ પ્રતિનિધિઓ પોતાની સાથે બિહાર સરકારના ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રેસ રિલીઝની નકલ પણ લાવ્યા હતા. સૌરવ દાસે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે પાર્ટી આંદોલનના પ્રથમ દિવસથી જ દરેક પ્રદર્શનકારી વિદ્યાર્થી સાથે મક્કમતાથી ઊભી છે અને તેમને ક્યારેય એકલા પડવા દેશે નહીં.

**કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર મોડી રાત્રે ૧ વાગ્યે એક પોસ્ટ શેર કરીને આ સમગ્ર બાબતની જાણકારી આપી હતી**

# જૂન મહિનાના અંતે ચીને લડાકુ વિમાનોની તૈનાતી શરૂ કરી હતી

# ચીને ભારત નજીક ૧૧ લડાકુ વિમાનો તૈનાત કર્યા : સેટેલાઈટ ઈમેજમાં દાવો

## લદાખથી માત્ર ૨૪૫ કિ.મી દૂર આવેલા એરબેઝમાં સાત અને અરૂણાચલથી ૩૪૪ કિ.મી.ના અંતરે ચાર ફાઈટર જેટ દેખાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮**

ચીને ભારતની સરહદ નજીક આવેલા તેના અલગ અલગ બે એરબેઝમાં ૧૧ લડાકુ વિમાનો તૈનાત કર્યા હોવાનો દાવો મીડિયા અહેવાલોમાં થયો હતો. કમર્શિયલ સેટેલાઈટ ઈમેજમાં જોવા મળ્યું એ પ્રમાણે સાત લડાકુ વિમાનો લદાખ સરહદે અને ચાર વિમાનો અરૂણાચલ સરહદની પેલે પાર ગોઠવાયા છે. પાંચમી પેઢીના લડાકુ વિમાનો જે-૨૦ તૈનાત થતાં નિષ્ણાતોએ તેને ભારત માટે ચિંતાનો વિષય ગણાવ્યો છે. શિનજિયાંગ ઉઈધૂર પ્રાંતમાં આવેલા હોટન એરબેઝમાં ચીને સાત જે-૨૦ સ્ટીલ્થ ફાઈટર જેટ તૈનાત કર્યા છે. કમર્શિયલ સેટેલાઈટ ઈમેજ પ્રોવાઈડર્સની ઈમેજના આધારે મીડિયા અહેવાલોમાં આ દાવો થયો હતો. હોટન એરબેઝ ચીને



લશ્કરી ઉપરાંત સિવિલ એરક્રાફ્ટ માટે ઉપયોગમાં લઈ શકાય તે માટે બનાવ્યું છે. આ હોટન એરબેઝ લેહથી ૩૮૯ કિલોમીટર દૂર છે અને ભારતના એરફીલ્ડથી તેનું અંતર ૨૪૫ કિલોમીટર છે. ચીને હોટન એરબેઝમાં પહેલી વખત આટલી મોટી સંખ્યામાં પાંચમી પેઢીના લડાકુ વિમાનો તૈનાત કર્યા છે. અગાઉ ક્યારેય લડાકુ વિમાનોની તૈનાતીનો આંકડો છને પાર પહોંચ્યો ન હતો. એ જ રીતે અરૂણાચલ પ્રદેશના તવાંગથી ૩૪૪ કિલોમીટર દૂર આવેલા લ્હાસાના ડેમ્સૂંગ એરબેઝમાં જે-૨૦ પ્રકારના ચાર લડાકુ વિમાનો તૈનાત થયા છે. તિબેટના લ્હાસાથી હવાઈ માર્ગે અરૂણાચલ સુધી પહોંચ બનાવવાનું ચીન માટે ખૂબ સરળ છે. આ એરબેઝમાં પણ પહેલી વખત ચાર-ચાર લડાકુ વિમાનો જોવા મળ્યા છે. નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી હતી કે સ્ટીલ્થ પ્રકારના આ વિમાનો ખૂબ જ ચુપકિદીથી તૈનાત થાય તે ખતરારૂપ છે. કારણ કે તેનાથી વિવાદિત વિસ્તારમાં ચીનનો દબદબો વધી શકે છે. સ્ટીલ્થ વિમાનોની રડાર સિગ્નેચર બહુ ઓછી હોય છે એટલે તેની સામે ભારતીય વાયુસેનાએ વધારે સજ્જતા રાખવી પડશે. ઉલ્લેખનીય છે કે ભારત પાસે અત્યારે પાંચમી જનરેશનના એકેય લડાકુ વિમાનો નથી. દેશનું પહેલી સ્ટેલ્થ વિમાન હજુ પ્રાયોગિક સ્તરે છે અને વાયુસેનામાં સામેલ થતાં કદાચ દશકો લાગી જશે. બીજી તરફ ચીન જે-૨૦ પ્રકારના વિમાનોનું જથ્થાબંધ પ્રોડક્શન કરે છે. વર્ષે ૧૨૦ વિમાનો બનતા હોવાનો અંદાજ છે.


# આપણા મગજના તરંગો એઆઈનો ડેટા સોર્સ બનશે

# રોબોટ્સને માણસો જેવા બનાવવા માટે બ્રેઈન વેવ ડેટાનો ઉપયોગ કરાશે

## ફિઝિકલ એઆઈને શીખવવા માટે મોટા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતા વીડિયો ડેટાની જરૂરિયાત ઘટાડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કેલિફોર્નિયા, તા.૨૮:** આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને ટ્રેનિંગ આપવા માટે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ લખાણ, તસવીરો અને વીડિયોનો ઉપયોગ કરવામાં આવતો હતો. હવે, રોબોટ્સ અને રીયલ વર્લ્ડમાં કામ કરી શકે તેવી ફિઝિકલ એઆઈ સિસ્ટમ બનાવવા માટે માણસના બ્રેઈન વેવ્સનો ઉપયોગ કરાશે. જાણકારોના મતે, ભવિષ્યમાં બ્રેઈન વેવ ડેટા રોબોટ્સને માણસના નિર્ણયોને સમજવામાં મદદ કરશે. ફિઝિકલ એઆઈ એટલે એવા એઆઈ મોડલ્સ કે જે માત્ર સવાલોના જવાબ નથી આપતા. પરંતુ, રોબોટ્સ, ઓટોનોમસ મશીન્સ અને અન્ય ઈન્સ્ટ્રુમેન્ટ્સને વાસ્તવિક દુનિયામાં કામ કરવાનું શીખવે છે. તેમને દરેક પ્રક્રિયા શીખવવા માટે વિશાળ માત્રામાં ડેટાની જરૂર પડે છે. જેમાં, અસંખ્ય વીડિયો કે તસવીરો ઉપયોગમાં લેવામાં આવે છે. હવે, તેમને શીખવવા મગજના તરંગોના ડેટાનો પણ ઉપયોગ કરવામાં આવશે. જ્યારે, કોઈ વ્યક્તિ કામ કરે છે ત્યારે માત્ર હાથ કે શરીરની હલનચલન જ મહત્વની નથી હોતી, કોઈપણ નિર્ણય લેતા પહેલા મગજ કેવી રીતે કામ કરે છે તે પણ તેટલું જ મહત્વનું હોય છે. જો એઆઈ સિસ્ટમો આ ન્યુરલ સંકેતોને સમજે તો ભવિષ્યના રોબોટ્સ કામ કરવાની સાથે તેના નિર્ણયની પ્રક્રિયાને પણ વધુ સારી રીતે શીખી શકશે. આ કારણે બ્રેઈન વેવ ડેટાને મહત્ત્વપૂર્ણ ટ્રેનિંગ સોર્સ તરીકે જોવામાં આવી રહ્યું છે. લાર્જ લેંગ્વેજ મોડલ્સ માટે જરૂરી ડેટાનો મોટો ભાગ ઈન્ટરનેટ પર હાજર હતો. પરંતુ, ફિઝિકલ એઆઈ માટે જરૂરી ડેટા તૈયાર કરવો પડી રહ્યો છે. તેમાં, કેમેરા, સેન્સર, હ્યુમન પાર્ટનરશિપ, એનોટેશન અને બ્રેઈન-વેવ રેકોર્ડિંગનો સમાવેશ થાય છે. તે વધુ ખર્ચાળ છે અને તેને એકત્ર કરવામાં વધુ સમય લાગે છે. તે વધુ ખર્ચાળ હોવા છતાં તે સચોટ હોવાથી સંશોધકો તેને અપનાવી રહ્યા છે.



# ચીનના વિજ્ઞાનીઓની અદ્ભૂત શોધઃ હવે પ્લાસ્ટિકના કચરામાંથી વિમાનનું ઈંધણ તૈયાર થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)


**બેઈઝીંગ, તા.૨૮**

વિશ્વભરમાં સતત વધી રહેલા પ્લાસ્ટિકના કચરાના નિકાલ અને પર્યાવરણ સુરક્ષા માટે વૈજ્ઞાનિકો રાત-દિવસ નવી ટેકનીકો શોધી રહ્યા છે. આ દિશામાં ચીનના વૈજ્ઞાનિકોએ એક મોટી અને ક્રાંતિકારી સફળતા હાંસલ કરી છે. તેમણે એક એવી સસ્તા કેમિકલ આધારિત પદ્ધતિ વિકસાવી છે, જે જટિલ અને કઠિન ગણાતા પ્લાસ્ટિકના કચરાને સીધા વિમાનમાં વપરાતા 'જેટ ફ્યુઅલ'માં રૂપાંતરિત કરી શકે છે. પ્રયોગશાળામાં કરવામાં આવેલા પ્રયોગોમાં આ પદ્ધતિ દ્વારા ૮૨.૩% લિક્વિડ યીલ્ડ (બળતણ) મેળવવામાં સફળતા મળી છે. આ ટેકનિકમાં પ્લાસ્ટિક અને અશ્મિભૂત બળતણ બંને મૂળભૂત રીતે કાર્બન અને હાઈડ્રોજનના પરમાણુઓથી જ બનેલા હોય છે. પેટ્રોલિયમમાંથી જ પ્લાસ્ટિકના લાંબા અને મજબૂત અણુઓના માળખાં (પોલિમર) તૈયાર થાય છે. વૈજ્ઞાનિકોએ આ પ્લાસ્ટિકના મજબૂત માળખાને કેમિકલ પ્રોસેસ અને ગરમી દ્વારા તોડીને નાના, બળતણ તરીકે વાપરી શકાય તેવા મોલેક્યુલ્સમાં ફેરવવાની સફળ 'રિવર્સ એન્જિનિયરિંગ' ટેકનીક શોધી કાઢી છે. વિમાનના ઈંધણ (જેટ ફ્યુઅલ) માટે ૮ થી ૧૬ કાર્બન એટોમ્સ ધરાવતા હાઈડ્રોકાર્બનની જરૂર હોય છે. આ અગાઉ પણ પ્લાસ્ટિકમાંથી ઈંધણ બનાવવાના વૈશ્વિક પ્રયાસો થયા છે, પરંતુ તેમાં મોટે ભાગે પ્લાસ્ટિકના અણુઓ છેડા પરથી તૂટી જતાં મિથેન જેવા વાયુઓ (ગેસ) વધુ બનતા હતા અને પ્રવાહી ઈંધણ ખૂબ ઓછું મળતું હતું. ચીનના વૈજ્ઞાનિકોની ટીમે આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે કોબાલ્ટ અને નિકલનું ખાસ કસ્ટમ કટાલિસ્ટ (ઉદ્દીપક) તૈયાર કર્યું છે. તેમની આ શોધમાં આ જોડી પ્લાસ્ટિકની સાંકળને છેડાથી તોડવાને બદલે અંદરના કાર્બન બોન્ડને યોગ્ય કદમાં જ કાપે છે. પરિણામે ગેસ બનવાને બદલે વિમાનમાં સીધું વાપરી શકાય તેવું મધ્યમ કદનું પ્રવાહી ઈંધણ ૭૯% ની ચોકસાઈ સાથે મળે છે. આ નવી ટેકનિકમાં મહત્વનું પરિબળ એ છે કે તે સામાન્ય તાપમાન અને હળવી પરિસ્થિતિઓમા કામ કરતી હોવાથી તે અત્યંત ઓછી ખર્ચાળ અને પર્યાવરણ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે.

હવામાન વિભાગનું રેડ એલર્ટ

# દિલ્હીમાં ધોધમાર વરસાદ વરસતા અનેક વિસ્તારોમાં જળબંબાકાર

## દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતમાં ચોમાસું સક્રિય; આગામી બે દિવસ ભારે વરસાદ અને વાવાઝોડાની સંભાવના



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૮**

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં મંગળવારે ધોધમાર વરસાદ વરસતા શહેરના અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. સતત વરસાદને કારણે અક્ષરધામ, આઈટીઓ, મંડી હાઉસ સહિતના અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો છે. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા દિલ્હીવાસીઓને ગરમીમાંથી રાહત મળી છે, પરંતુ ભારે વરસાદના કારણે દૈનિક જનજીવન પર અસર જોવા મળી રહી છે.

ભારતીય હવામાન વિભાગ (IMD)એ આગામી કેટલાક કલાકો માટે દિલ્હી માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. વિભાગના જણાવ્યા અનુસાર, શહેરમાં મધ્યમથી ભારે વરસાદ, તેજ પવન અને ગાજવીજ સાથે વાવાઝોડાની શક્યતા છે. લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા તેમજ નીચાણવાળા વિસ્તારોમાં ખાસ સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. સવારે જ આકાશમાં કાળા વાદળો છવાઈ ગયા હતા અને ત્યારબાદ શહેરના મોટા ભાગમાં સતત વરસાદ શરૂ થયો હતો. વરસાદના કારણે અનેક મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ જતાં ટ્રાફિક ધીમો પડી ગયો હતો. કેટલાક વિસ્તારોમાં ઓફિસ જતાં કર્મચારીઓ અને મુસાફરોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

દિલ્હી ઉપરાંત નોઈડા અને એનસીઆરના અન્ય વિસ્તારોમાં પણ વરસાદનું જોર યથાવત રહ્યું છે. હવામાન વિભાગે ૨૯ જુલાઈએ પણ દિલ્હી-એનસીઆરમાં વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી કરી છે.

ઉત્તર પ્રદેશમાં પણ ચોમાસું સંપૂર્ણ સક્રિય બન્યું છે. ૨૮ અને ૨૯ જુલાઈ દરમિયાન સહારનપુર, મુઝફ્ફરનગર, બિજનૌર, મુરાદાબાદ, રામપુર, બરેલી અને સોનભદ્ર સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. આ વિસ્તારોમાં વીજળીના કડાકા અને તેજ પવન સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

૯ ટનથી વધુ રાહત સામગ્રી પહોંચાડી; હજુ ૬૩૧ ગામો પાણીમાં ગરકાવ

# આસામમાં પૂરની આફતથી ભારે નુકસાન, રાહત કામગીરી માટે સરકાર સક્રિય

**PM મોદીએ આસામના સાંસદો સાથે કરી સમીક્ષા બેઠક; ધારાસભ્યોએ એક મહિનાનો પગાર રાહત માટે આપવાનો નિર્ણય**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગુવાહાટી,તા.૨૮**

આસામમાં ભયાનક પૂરની સ્થિતિ વચ્ચે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા રાહત અને બચાવ કામગીરી તેજ કરવામાં આવી છે. રાજ્યના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસામના સાંસદો સાથે બેઠક કરી અને પૂરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી.

વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે, તેમણે આસામના સાંસદો સાથે મુલાકાત કરી રાજ્યના વિવિધ ભાગોમાં સર્જાયેલી પૂર પરિસ્થિતિ અંગે ચર્ચા કરી છે. તેમણે અસરગ્રસ્ત લોકોની સુરક્ષા અને સુખાકારી માટે પ્રાર્થના કરી અને જણાવ્યું કે, કેન્દ્ર સરકાર આસામ સરકાર સાથે મળીને પૂરપીડિતોની મદદ માટે સતત કાર્ય કરી રહી છે.

પૂર રાહત માટે આસામના ધારાસભ્યોએ પણ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાયજોર દળ સિવાયના તમામ ધારાસભ્યોએ પૂરથી પ્રભાવિત લોકોના રાહત અને પુનર્વસન માટે પોતાનો એક મહિનાનો પગાર દાન કરવાની જાહેરાત કરી છે. વિધાનસભા અધ્યક્ષ રણજીત કુમાર દાસે જણાવ્યું કે, તેઓ અને ઉપાધ્યક્ષ હબ્બે ટેરોન પણ એક મહિનાનો પગાર રાહત કાર્ય માટે આપશે. આ ઉપરાંત વિધાનસભા સચિવાલયના કર્મચારીઓ એક દિવસનો પગાર દાન કરશે.

સંસદીય કાર્ય મંત્રી પીયૂષ હજારિકાએ જણાવ્યું કે, ભાજપના તમામ ધારાસભ્યો પણ આ રાહત કાર્યમાં સહયોગ આપશે. પૂરગ્રસ્ત લોકોની મદદ માટે તમામ સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તૃણમૂલ કોંગ્રેસના એકમાત્ર ધારાસભ્ય શેરમન અલી અહમદે પણ એક મહિનાનો પગાર દાન કરવાની જાહેરાત કરી છે. આસામના શિવસાગર સહિત અનેક જિલ્લાઓમાં પૂરનું પાણી હજુ પણ ભરાયેલું છે. નૌજાન ગામ જેવા વિસ્તારોમાં ઘરો અને રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા છે, જેના કારણે લોકો આશ્રય, ભોજન અને પીવાના પાણી માટે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

બીજી તરફ ભારતીય વાયુસેનાએ પણ રાહત અને બચાવ કામગીરી હાથ ધરી છે. વાયુસેનાના જણાવ્યા અનુસાર છેલ્લા ૧૦ દિવસમાં હેલિકોપ્ટર દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૪૫૮ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. સાથે જ અસરગ્રસ્ત વિસ્તારોમાં ૯ ટનથી વધુ જરૂરી રાહત સામગ્રી હવાઈ માર્ગે પહોંચાડવામાં આવી છે.

હાલમાં આસામના ૬૩૧ ગામો હજુ પણ પાણીમાં ગરકાવ છે. રાજ્યમાં ૧૮૪ રાહત શિબિરો અને વિતરણ કેન્દ્રો મારફતે કામગીરી ચાલી રહી છે, જ્યાં લગભગ ૨૮,૭૦૦ લોકોને આશ્રય આપવામાં આવ્યો છે. તંત્ર દ્વારા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા અને જરૂરી સુવિધાઓ પહોંચાડવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# ૧ ઓગસ્ટથી તત્કાલ ટિકિટ માટે ટોકન સિસ્ટમ અમલમા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૮**

ભારતીય રેલવેએ તત્કાલ ટિકિટ બુકિંગ પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત અને પારદર્શક બનાવવા માટે મહત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. ૧ ઓગસ્ટ, ૨૦૨૬થી તત્કાલ ટિકિટ માટે નવી ટોકન સિસ્ટમ અમલમાં મૂકવામાં આવશે.

આ વ્યવસ્થાથી મુસાફરોને હવે વહેલી સવારથી રિઝર્વેશન કાઉન્ટર પર લાંબી લાઇનમાં ઊભા રહેવાની જરૂર નહીં પડે. નિર્ધારિત સમય મુજબ ટોકન મેળવી મુસાફરો પોતાના સમય પર કાઉન્ટર પર પહોંચી ટિકિટ બુક કરાવી શકશે.

રેલવેના જણાવ્યા મુજબ, શરૂઆતમાં આ નવી વ્યવસ્થા વેસ્ટ સેન્ટ્રલ રેલવેના સ્ટેશનો પર અમલમાં મૂકવામાં આવશે. ટોકન સિસ્ટમનો મુખ્ય હેતુ રિઝર્વેશન કાઉન્ટર પરની ભીડ ઘટાડવાનો, મુસાફરોનો સમય બચાવવાનો અને તત્કાલ ટિકિટ બુકિંગ પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત બનાવવાનો છે.

નવી વ્યવસ્થા હેઠળ AC તત્કાલ ટિકિટ માટે ટોકન સવારે ૮:૩૦થી ૯:૦૦ વાગ્યા વચ્ચે આપવામાં આવશે, જ્યારે નોન-AC તત્કાલ ટિકિટ માટે ટોકન ૯:૦૦થી ૯:૩૦ વાગ્યા દરમિયાન આપવામાં આવશે. ટોકન પર દર્શાવેલા સમય મુજબ મુસાફરો કાઉન્ટર પર પહોંચી ટિકિટ બુક કરાવી શકશે. આથી કલાકો સુધી લાઇનમાં ઊભા રહેવાની મુશ્કેલી દૂર થશે.

રેલવેના જણાવ્યા અનુસાર, દરેક રિઝર્વેશન કાઉન્ટર પરથી શરૂઆતમાં ૧૦ AC તત્કાલ ટોકન અને ૧૫ નોન-AC તત્કાલ ટોકન આપવામાં આવશે. જોકે મુસાફરોની સંખ્યા, સ્થાનિક જરૂરિયાત અને સ્ટેશનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ સંખ્યામાં વધારો અથવા ઘટાડો કરવામાં આવી શકે છે. જો તમામ ટોકન ધારકોનું બુકિંગ પૂર્ણ થયા બાદ પણ બેઠકો ઉપલબ્ધ રહેશે તો બાકીની ટિકિટ 'ફર્સ્ટ કમ, ફર્સ્ટ સર્વ'ના આધારે અન્ય મુસાફરોને આપવામાં આવશે.

નવી સિસ્ટમમાં પરિવાર માટે ટિકિટ બુક કરાવતા મુસાફરોને પ્રાથમિકતા આપવામાં આવશે. ટોકનને બે અલગ કેટેગરીમાં વહેંચવામાં આવશે. પરિવારના સભ્યો માટે ટિકિટ બુક કરાવતા વ્યક્તિએ પોતાનું ઓળખપત્ર અને મુસાફરી કરનાર પરિવારજનોનું ઓળખપત્ર રજૂ કરવું પડશે. અન્ય તમામ મુસાફરો માટે અલગ કેટેગરી હેઠળ ટોકન આપવામાં આવશે.

રેલવેએ સ્પષ્ટ કર્યું છે કે, એકવાર જારી કરાયેલ ટોકન અન્ય કોઈ વ્યક્તિને ટ્રાન્સફર કરી શકાશે નહીં. આ નિયમનો હેતુ દુરુપયોગ અટકાવવાનો અને ટિકિટ બુકિંગ પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવાનો છે.

દાયકાઓ જૂના ટેલ્ક કેસમાં મોટો વળાંક

# જોનસન એન્ડ જોનસનના ૭૬ હજાર કેસોના સમાધાનનો પ્રસ્તાવ

## આ સેટલમેન્ટ કોઈ દોષ સ્વીકારવા માટે નહીં પરંતુ વર્ષોથી ચાલતા ખર્ચાળ અને લાંબા કાનૂની વિવાદોને સમાપ્ત કરવા માટે કરવામાં આવી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ન્યૂયોર્ક,તા.૨૮**

વિશ્વની અગ્રણી હેલ્થકેર કંપની જૉનસન એન્ડ જૉનસન અમેરિકામાં તેના ટેલ્ક આધારિત બેબી પાવડર અને અન્ય ઉત્પાદનો સામે દાખલ થયેલા અંદાજે ૭૬,૦૦૦ ઓવેરિયન કેન્સર સંબંધિત કેસોના નિકાલ માટે ૫.૫ અબજ ડૉલરના પ્રસ્તાવિત સેટલમેન્ટ પર સહમત થઈ છે. જો આ સમજૂતીને જરૂરી મંજૂરી મળશે તો કોર્પોરેટ ઈતિહાસના સૌથી મોટા પ્રોડક્ટ લાયબિલિટી વિવાદોમાંના એકનો અંત આવી શકે છે.

આ પ્રસ્તાવિત સમજૂતી અમેરિકાની ફેડરલ અને રાજ્ય કોર્ટોમાં દાખલ થયેલા હજારો દાવાઓને આવરી લે છે. જોકે, આ સેટલમેન્ટ અમલમાં આવવા માટે ઓછામાં ઓછા ૯૫ ટકા દાવેદારોની સંમતિ જરૂરી રહેશે. જો જરૂરી બહુમતી મળશે તો વર્ષોથી ચાલતી કાનૂની લડાઈનો અંત આવશે.

જૉનસન એન્ડ જૉનસને સતત એવો દાવો કર્યો છે કે તેના ટેલ્ક આધારિત ઉત્પાદનો સુરક્ષિત છે અને તેમાં એસ્બેસ્ટોસ જેવા કેન્સરકારક તત્વો નથી. કંપનીએ ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે આ સેટલમેન્ટ કોઈ દોષ સ્વીકારવા માટે નહીં પરંતુ વર્ષોથી ચાલતા ખર્ચાળ અને લાંબા કાનૂની વિવાદોને સમાપ્ત કરવા માટે કરવામાં આવી રહ્યો છે.

કંપનીના લિટિગેશન વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે કે, જો કેસો આગળ ચાલ્યા હોત તો કંપનીને પોતાના પક્ષમાં ચુકાદો આવવાની આશા હતી. તેમ છતાં, લાંબી કાનૂની પ્રક્રિયા કરતાં સમાધાનનો માર્ગ પસંદ કરીને હવે કંપની પોતાની મુખ્ય કામગીરી, નવી દવાઓ અને તબીબી ઉપકરણોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે.

કેસોમાં મુખ્ય આક્ષેપ એવો કરવામાં આવ્યો હતો કે વર્ષો સુધી જૉનસન એન્ડ જૉનસનના ટેલ્ક આધારિત બેબી પાવડરનો ઉપયોગ કરનાર કેટલીક મહિલાઓમાં ઓવેરિયન કેન્સર વિકસ્યું હતું. કેટલાક દાવેદારોએ ટેલ્કમાં એસ્બેસ્ટોસની હાજરી હોવાનો પણ આરોપ મૂક્યો હતો. જોકે કંપનીએ તમામ આક્ષેપોને સતત નકારી કાઢ્યા છે. નોંધનીય છે કે, જૉનસન એન્ડ જૉનસને વર્ષ ૨૦૨૦માં અમેરિકામાં ટેલ્ક આધારિત બેબી પાવડરનું વેચાણ બંધ કરીને કોર્નસ્ટાર્ચ આધારિત ઉત્પાદન રજૂ કર્યું હતું.

આ કેસ દરમિયાન કંપનીએ "ટેક્સાસ ટુ-સ્ટેપ" તરીકે ઓળખાતી કાનૂની વ્યૂહરચના અપનાવી બેંકરપ્સી પ્રક્રિયા મારફતે વિવાદનો ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અમેરિકાની અદાલતોએ કંપનીના આવા ત્રણેય પ્રયાસોને ફગાવી દીધા હતા. ત્યારબાદ ફરી કોર્ટમાં કેસોની સુનાવણી શરૂ થઈ હતી.

હવે આ સમજૂતીને દાવેદારોની મંજૂરી માટે રજૂ કરવામાં આવશે. જો જરૂરી સંખ્યા સેટલમેન્ટ સ્વીકારશે તો વળતરની ચુકવણી તબક્કાવાર કરવામાં આવશે અને જૉનસન એન્ડ જૉનસન સામેના સૌથી મોટા કાનૂની વિવાદોમાંથી એકનો અંત આવશે.

નિતિન ગડકરીને બોમ્બે હાઈકોર્ટની મંજૂરી

# E20 નીતિ અંગેના ખોટા દાવાઓ સામે નિતિન ગડકરી લડશે કાયદાકીય જંગ

## ડીપફેક અને ખોટી માહિતી સામે કડક વલણ; ડિજિટલ પ્લેટફોર્મ્સ પર જવાબદારી અને ઓનલાઈન વિશ્વસનીયતા અંગે ફરી ચર્ચા તેજ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ,તા.૨૮**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીને E20 (ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ) નીતિ અંગે સોશિયલ મીડિયા પર પ્રસારિત થતા કથિત ડીપફેક અને ભ્રામક કન્ટેન્ટ સામે કાયદાકીય કાર્યવાહી કરવા માટે બોમ્બે હાઈકોર્ટ તરફથી મંજૂરી મળી છે. ગડકરીએ પોતાની અરજીમાં દાવો કર્યો છે કે, સોશિયલ મીડિયા અને અન્ય ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર તેમના તથા તેમના પરિવારને E20 નીતિથી આર્થિક લાભ થતો હોવાના ખોટા અને માનહાનિકારક દાવાઓ પ્રસારિત કરવામાં આવી રહ્યા છે.

અરજીમાં જણાવાયું છે કે, E20 ઈથેનોલ બ્લેન્ડિંગ કાર્યક્રમનો અમલ કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે, જ્યારે નિતિન ગડકરીનું મંત્રાલય માર્ગ પરિવહન અને રાજમાર્ગ વિભાગ સંભાળે છે. તેથી આ નીતિ સાથે તેમને વ્યક્તિગત રીતે જોડતા દાવાઓ તથ્યવિહીન હોવાનું રજૂ કરવામાં આવ્યું છે.

ગડકરીની નાગપુર સ્થિત કચેરીએ અગાઉ પણ સ્પષ્ટતા કરી હતી કે, E20 ઈથેનોલ બ્લેન્ડિંગ નીતિનો નિર્ણય સમગ્ર કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા લેવામાં આવ્યો હતો અને તેનો કોઈ વ્યક્તિગત લાભ કે સંબંધ ગડકરી અથવા તેમના પરિવાર સાથે નથી.

બોમ્બે હાઈકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન ગડકરીના વકીલે દલીલ કરી હતી કે સોશિયલ મીડિયા પર AI આધારિત ડીપફેક, ફેરફાર કરાયેલા વિડિયો અને અન્ય ભ્રામક સામગ્રીના કારણે તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચી રહ્યું છે. આ સામગ્રી વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ્સ પર વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધ હોવાનું પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું.

ન્યાયમૂર્તિ અભય આહુજાએ અરજીની પ્રાથમિક સુનાવણી બાદ ગડકરીને મેટા, ગૂગલ, X (પૂર્વે ટ્વિટર) અને અન્ય સંબંધિત ડિજિટલ પ્લેટફોર્મ્સ સામે કાયદાકીય કાર્યવાહી કરવાની મંજૂરી આપી છે. આ કાર્યવાહીનો હેતુ ભ્રામક અને માનહાનિકારક સામગ્રી દૂર કરાવવાનો તથા વ્યક્તિગત પ્રતિષ્ઠાના અધિકારોનું રક્ષણ કરવાનો હોવાનું અરજીમાં જણાવાયું છે.

અરજીમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ કેસનો હેતુ સરકારની નીતિઓ અંગેની જાહેર ચર્ચા, ટીકા અથવા અભિપ્રાયની સ્વતંત્રતા પર અંકુશ લાવવાનો નથી. કાર્યવાહી માત્ર એવી સામગ્રી સામે છે, જેમાં ખોટી માહિતી, ડીપફેક ટેક્નોલોજી અથવા માનહાનિકારક દાવાઓ દ્વારા વ્યક્તિની છબીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય.

પાણીપતની એક હોસ્પિટલમાં ગંભીર તબીબી બેદરકારીનો આરોપ

# પગનું હાડકું તૂટતાં ડોક્ટરે કરી નાખી હાર્ટની સર્જરી! મહિલાનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**હરિયાણા, તા.૨૮**

હરિયાણાના પાણીપતમાં કથિત તબીબી બેદરકારીનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. માર્ગ અકસ્માતમાં પગનું હાડકું તૂટતાં હોસ્પિટલમાં દાખલ કરાયેલી મહિલાનું પરિવારને જાણ કર્યા વિના હૃદયનું ઓપરેશન કરીને સ્ટેન્ટ મૂકવામાં આવ્યું હોવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. સારવાર દરમિયાન મહિલાનું મોત થતાં પરિવારજનોએ હોસ્પિટલ સામે હોબાળો મચાવ્યો હતો. સમગ્ર મામલે પોલીસે હોસ્પિટલના ડોક્ટરો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

માર્ગ અકસ્માત બાદ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી મહિલાઆ ઘટના પાણીપતના જીટી રોડ પર આવેલી પાર્ક હોસ્પિટલની હોવાનું સામે આવ્યું છે. પોલીસ ફરિયાદ મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના કાનપુર દેહાત જિલ્લાના કાશીપુર ગામના રહેવાસી કુલદીપ પોતાના પરિવાર સાથે પાણીપતના રમેશ નગર વિસ્તારમાં રહે છે.



કુલદીપના જણાવ્યા અનુસાર, તેમની માતા ગુડ્ડી દેવી ૨૪ જુલાઈના રોજ માર્ગ અકસ્માતમાં ઘાયલ થયા હતા. અકસ્માતમાં તેમનો પગ તૂટી ગયો હોવાથી તેમને સારવાર માટે પાર્ક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરિવારનો દાવો છે કે ડોક્ટરોએ માત્ર પગની સારવાર કરવાની ખાતરી આપી હતી. પરિવારે આરોપ લગાવ્યો છે કે, બીજા જ દિવસે ૨૫ જુલાઈએ હોસ્પિટલના તબીબોએ તેમની મંજૂરી કે જાણ કર્યા વિના મહિલાની એન્જિયોપ્લાસ્ટી કરીને હૃદયમાં સ્ટેન્ટ મૂક્યું હતું. પરિવારનું કહેવું છે કે, આ સર્જરી માટે તેમની લેખિત સંમતિ લેવામાં આવી નહોતી. ફરિયાદમાં એવો પણ આરોપ છે કે, હોસ્પિટલ દ્વારા સંમતિપત્ર પર પરિવારની નકલી સહી કરવામાં આવી હતી. પરિવારનું કહેવું છે કે, બિનજરૂરી તબીબી પ્રક્રિયાને કારણે મહિલાની તબિયત વધુ બગડી હતી અને સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. માતાના અવસાન બાદ પરિવાર શોકમાં ગરકાવ છે. પરિવારજનોએ સવાલ ઉઠાવ્યો છે કે, જ્યારે મહિલા માત્ર પગની ઈજાની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, ત્યારે તેમની પર હૃદયની સર્જરી શા માટે કરવામાં આવી? પરિવારનો આરોપ છે કે જ્યારે તેમણે સારવાર અને ઓપરેશન અંગે હોસ્પિટલ પ્રશાસન પાસે સ્પષ્ટતા માગી, ત્યારે જવાબદારોએ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે ઉદ્ધત વર્તન કર્યું.

ફરિયાદ અનુસાર હોસ્પિટલ મેનેજમેન્ટે કહ્યું હતું કે, તમારે જે કરવું હોય તે કરો, અમને કોઈ ફરક પડતો નથી. પરિવારની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. તપાસ બાદ જ આ કેસમાં તબીબી બેદરકારી અને અન્ય આરોપોની હકીકત સ્પષ્ટ થશે.

૨૦૧૬માં નોટબંધી બાદ ભારતની ચલણી નોટો પર પ્રતિબંધ મૂકાયો હતો

# નેપાળમાં ૧૦ વર્ષ બાદ ભારતની રૂ.૨૦૦ અને રૂ.૫૦૦ની નોટોને મંજૂરી અપાઈ

## ભારત મુલાકાત દરમિયાન નેપાળી નાગરિકો માટે નેશનલ આઈડેન્ટિટી કાર્ડને માન્ય રાખવા નેપાળે માગણી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કાઠમંડુ, તા.૨૮**

નેપાળે ભારતીય અને નેપાળી નાગરિકોને 200 અને 500ની ભારતીય ચલણી નોટો લઈને નેપાળમાં પ્રવેશવા અથવા ત્યાંથી બહાર જવાની મંજૂરી આપી છે. આ નિર્ણય સાથે લગભગ દસ વર્ષથી લાગુ રહેલો પ્રતિબંધ સમાપ્ત થયો છે. ઉલ્લેખનીય છે કે, ભારતે 2016માં નોટબંધીનો નિર્ણય લીધો ત્યારે નેપાળ સરકારે ભારતની ફક્ત રૂ.100ની નોટને જ સ્વીકારવાની મંજૂરી આપી અન્ય રકમની ચલણી નોટો ઉપર પ્રતિબંધ ફરમાવ્યો હતો.

નેપાળ રાષ્ટ્ર બેંક દ્વારા ગુરુવારે ફરીથી જાહેર કરાયેલી સૂચના મુજબ, ભારતીય અને નેપાળી નાગરિકો 9 નવેમ્બર, 2016 પછી જારી થયેલી 200 અને 500ની ભારતીય નોટો પ્રતિ વ્યક્તિ વધુમાં વધુ 25,000 સુધી વર્તમાન નિયમો અનુસાર લઈ જઈ શકે છે. જરૂરી નિયમો બનાવ્યા બાદ આ જોગવાઈઓ 11 ફેબ્રુઆરીએ નેપાળ ગેઝેટમાં પ્રકાશિત સૂચના દ્વારા પહેલેથી જ અમલમાં મૂકવામાં આવી હતી. જોકે, નિયમોની સ્પષ્ટતા અને તેના અમલ ઉપર ફરીથી ભાર મૂકવા માટે NRBએ આ સૂચના પુનઃ જાહેર કરી છે.

નવા નિયમોની સ્પષ્ટતા કરતાં NRBના પ્રવક્તા ગુરુ પ્રસાદ પૌડેલે શનિવારે જણાવ્યું કે, નેપાળી નાગરિકો ભારત સિવાયના અન્ય કોઈ દેશમાંથી ભારતીય ચલણ નેપાળમાં લાવી શકશે નહીં. તે જ રીતે, તેઓ ભારત સિવાયના ત્રીજા દેશમાં નેપાળમાંથી ભારતીય ચલણ લઈ જઈ શકશે નહીં. તેમણે જણાવ્યું કે, સુધારેલી જોગવાઈથી નેપાળની મુલાકાતે આવતા ભારતીય પ્રવાસીઓ તેમજ ભારત સાથે વેપાર અને વ્યવસાય કરતા નેપાળી નાગરિકોને સુવિધા મળશે.

ભારત મુલાકાત દરમિયાન નેપાળી નાગરિકો માટે નેશનલ આઈડેન્ટિટી કાર્ડને માન્ય રાખવા નેપાળે માગણી કરી છે. વર્તમાનમાં સિટીઝનશિપ સર્ટિફિકેટ અને પાસપોર્ટને માન્યતા અપાયેલી છે. નેપાળ સરકારના ઈમિગ્રેશન ડીપાર્ટમેન્ટ દ્વારા આ અંગેની સત્તાવાર દરખાસ્ત ભારતના વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલયને મોકલવામાં આવી છે.

# દિલ્હીના ગીતા કોલોની વિસ્તારમાં યમુનામાં ચાર યુવકો ડૂબ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૨૮**

દિલ્હીના ગીતા કોલોની વિસ્તારમાં યમુના નદીમાં ચાર યુવકો ડૂબી જવાની ગંભીર ઘટના સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પ્રશાસન, પોલીસ અને આપત્તિ વ્યવસ્થાપન તંત્ર તાત્કાલિક હરકતમાં આવી ગયું હતું. ચારેય યુવકોને શોધી કાઢવા માટે યુદ્ધના ધોરણે સર્ચ અને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચિંતા અને ગભરાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

પ્રાથમિક માહિતી મુજબ, ચારેય યુવકો કોઈ કારણસર યમુના નદીમાં ઉતર્યા હતા, દરમિયાન તેઓ ઊંડા પાણીમાં સપડાતા ડૂબી ગયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોએ તરત જ પોલીસ અને પ્રશાસનને જાણ કરી હતી. સૂચના મળતાં જ પોલીસની ટીમ, ગોતાખોરો અને બચાવ દળો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. નદીમાં સતત શોધખોળ કરવામાં આવી રહી છે અને આધુનિક સાધનોની મદદથી યુવકોની શોધ માટે સર્ચ ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું છે. બચાવ કામગીરી દરમિયાન આસપાસના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા પણ કડક કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં યુવકોના પરિવારજનો પણ સ્થળ પર પહોંચી ગયા હતા. પરિવારજનોમાં ભારે ચિંતા અને શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રશાસન દ્વારા પરિવારજનોને જરૂરી માહિતી આપવામાં આવી રહી છે અને બચાવ કામગીરી અંગે સતત અપડેટ આપવામાં આવી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું છે કે, રેસ્ક્યૂ ઓપરેશન પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ શક્ય પ્રયાસો કરવામાં આવશે.

### તટીય વિસ્તારોમાં સુનામીની ચેતવણી બાદ એલર્ટ

# જાપાનમાં ૭.૧ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો

**'રિંગ ઓફ ફાયર' પર સ્થિત જાપાનમાં સતત વધી રહેલી ભૂકંપીય ગતિવિધિ વચ્ચે તંત્ર હાઈ એલર્ટ પર, લોકોને સાવચેતી રાખવાની અપીલ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ટોક્યો, તા.૨૮**

જાપાનના દક્ષિણ ભાગમાં આવેલા ક્યુશુ ટાપુના કુમામોટો પ્રીફેક્ચરમાં મંગળવારે ૭.૧ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ નોંધાયો હતો. જાપાન મેટિયોરોલોજિકલ એજન્સી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર સમુદ્ર સપાટીથી અંદાજે ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. ભૂકંપના આંચકા બાદ તટીય વિસ્તારો માટે સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી છે, જેના પગલે સ્થાનિક તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે.

અધિકારીઓએ જણાવ્યું છે કે, દરિયાકાંઠાના વિસ્તારોમાં લગભગ ૧ મીટર સુધીની સુનામી લહેરો આવવાની સંભાવના છે. આથી કુમામોટો, નાગાસાકી, કાગોશિમા, ફુકુઓકા, સાગા, ઓઈતા અને મિયાઝાકી સહિતના વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક ઊંચાણવાળા અને સુરક્ષિત સ્થળોએ ખસી જવા સૂચના આપવામાં આવી છે. બચાવ એજન્સીઓ અને સ્થાનિક પ્રશાસન દ્વારા સતત પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. ભૂકંપ બાદ કેટલાક વિસ્તારોમાં લોકોમાં ગભરાટ ફેલાયો હતો, જોકે પ્રાથમિક અહેવાલો મુજબ મોટા પાયે જાનહાનિ અથવા વ્યાપક નુકસાનના સમાચાર સામે આવ્યા નથી. તંત્રે લોકોને અફવાઓથી દૂર રહી માત્ર સત્તાવાર સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે.

જાપાન છેલ્લા કેટલાક દિવસોમાં સતત ભૂકંપના આંચકાઓનો સામનો કરી રહ્યું છે. એક અઠવાડિયામાં આ બીજી મોટી ભૂકંપીય ઘટના છે. અગાઉ પણ ઉત્તર જાપાનમાં શક્તિશાળી ભૂકંપ નોંધાયો હતો, જેમાં સદનસીબે કોઈ મોટી જાનહાનિ થઈ નહોતી.

જાપાન વિશ્વના સૌથી વધુ ભૂકંપ સંવેદનશીલ દેશોમાં સામેલ છે. દેશ પેસિફિકના "રિંગ ઓફ ફાયર" વિસ્તારમાં સ્થિત હોવાથી અહીં ચાર મુખ્ય ટેક્ટોનિક પ્લેટ્સ સતત સક્રિય રહે છે. પરિણામે દર વર્ષે સેંકડો નાના-મોટા ભૂકંપ નોંધાય છે અને વિશ્વના કુલ ભૂકંપોમાંથી આશરે ૧૮ ટકા જાપાનમાં આવે છે.

૨૦૧૧માં આવેલા ૯.૦ની તીવ્રતાના વિનાશક ભૂકંપ અને સુનામીએ જાપાનમાં ભારે તબાહી મચાવી હતી. તે દુર્ઘટનામાં આશરે ૧૮,૫૦૦ લોકોનાં મોત થયા હતા અથવા તેઓ લાપતા બન્યા હતા, જ્યારે ફુકુશિમા પરમાણુ પ્લાન્ટને પણ ગંભીર નુકસાન પહોંચ્યું હતું. તે અનુભવને ધ્યાનમાં રાખીને જાપાને આજે વિશ્વની સૌથી અદ્યતન ભૂકંપ અને સુનામી ચેતવણી પ્રણાલીઓ વિકસાવી છે.

# મેલાનિયા અને બેરોન ટ્રમ્પને ધમકી દર્શાવતો પ્રચાર વીડિયો વાયરલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન,તા.૨૮**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પરિવારને નિશાન બનાવતો એક કથિત ઈરાન સમર્થક પ્રચાર વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં અમેરિકામાં સુરક્ષા એજન્સીઓ સતર્ક બની ગઈ છે. વીડિયોમાં પૂર્વ ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ અને તેમના ૨૦ વર્ષીય પુત્ર બેરોન ટ્રમ્પનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ ઘટનાને પગલે ટ્રમ્પ પરિવારની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી રહી છે.

વીડિયોમાં મેલાનિયા ટ્રમ્પના જાહેર કાર્યક્રમો, તેમના પ્રવાસ અને કેટલીક જાહેરમાં ઉપલબ્ધ માહિતીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાથે જ કેટલાક ઉશ્કેરણીજનક સંદેશાઓ પણ સામેલ હોવાનું કહેવાય છે. વીડિયોના અંતમાં બેરોન ટ્રમ્પનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે, જેના કારણે સુરક્ષા એજન્સીઓએ મામલાને ગંભીરતાથી લીધો છે.

જોકે, વીડિયોમાં કરવામાં આવેલા દાવાઓની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી. અમેરિકી અધિકારીઓએ હજુ સુધી આ વીડિયો અંગે સંપૂર્ણ સત્તાવાર વિગતો જાહેર કરી નથી, પરંતુ સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને જરૂરી સુરક્ષા પગલાં લેવામાં આવી રહ્યા છે.

મેલાનિયા ટ્રમ્પ અને બેરોન ટ્રમ્પની સુરક્ષા માટે અમેરિકાની સિક્રેટ સર્વિસ પહેલેથી જ ચોવીસ કલાક તૈનાત રહે છે. વ્હાઈટ હાઉસ, ટ્રમ્પ ટાવર, ફ્લોરિડાના માર-એ-લાગો એસ્ટેટ અને અન્ય મહત્વના સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

તાજેતરના મહિનાઓમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વધેલા રાજદ્વારી અને સુરક્ષા સંબંધિત તણાવના કારણે બંને દેશો વચ્ચેના સંબંધો વધુ સંવેદનશીલ બન્યા છે. આવી સ્થિતિમાં સોશિયલ મીડિયા પર પ્રચારાત્મક અને ઉશ્કેરણીજનક સામગ્રી સામે આવતાં સુરક્ષા એજન્સીઓ વધુ સાવચેતી રાખી રહી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ પણ જાહેરમાં જણાવ્યું હતું કે તેમને લાંબા સમયથી વિવિધ પ્રકારની ધમકીઓ મળતી રહી છે અને અમેરિકાની સુરક્ષા એજન્સીઓ દરેક સંભવિત જોખમ પર સતત નજર રાખી રહી છે. જોકે, હાલની ઘટનાને લઈને અધિકારીઓ દ્વારા કોઈ વિશેષ કાર્યવાહી અંગે જાહેર માહિતી આપવામાં આવી નથી.

## વિજય થલપતિ બાદ વધુ એક સુપરસ્ટારની રાજકારણમાં એન્ટ્રી?

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૮**

તમિલ સિનેમાના દિગ્ગજ અભિનેતા અને નેશનલ એવોર્ડ વિનર ધનુષની રાજકારણમાં એન્ટ્રીને લઈને અટકળો ફરી એકવાર તેજ થઈ ગઈ છે. રવિવારે તેમના ફેન્સ ક્લબ દ્વારા આયોજિત એક ભવ્ય રક્તદાન શિબિરમાં ધનુષ દ્વારા આપવામાં આવેલા ભાષણે આ ચર્ચાઓને જોરશોરથી હવા આપી છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ધનુષે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, આ પ્રકારની ભીડ માત્ર ફિલ્મોની ઉજવણી માટે ભેગી ન થવી જોઈએ, પરંતુ આ એકતાનો ઉપયોગ સમાજ સેવાના કાર્યો માટે પણ થવો જોઈએ. કાર્યક્રમ દરમિયાન પ્રશંસકોને સંબોધિત કરતા ધનુષે જણાવ્યું હતું કે, આપણા આસપાસના લોકોની જરૂરિયાતોને સમજવી અત્યંત આવશ્યક છે. તેમણે ઉમેર્યું હતું કે આટલી મોટી સંખ્યામાં લોકો એક જગ્યાએ ભેગા થયા છે અને આ પ્રકારની એકતામાં મોટી શક્તિ હોય છે. આપણે આ એકતાને એક યોગ્ય ઉદ્દેશ્ય આપવો પડશે. માત્ર ઓડિયો લોન્ચ અને ફેન્સ મીટઅપથી આગળ વધીને આપણે વધુને વધુ લોકકલ્યાણના કાર્યોમાં સામેલ થવું જોઈએ. પોતાના વિસ્તાર અને આસપાસના પરિવારોની જરૂરિયાતો સમજીને શક્ય હોય તે દરેક પ્રકારે તેમની મદદ કરવી જોઈએ તેવી પ્રેરણાદાયી અપીલ તેમણે કરી હતી. અગાઉ પણ અનેકવાર ધનુષના રાજકારણમાં આવવાની અટકળો લગાડવામાં આવતી રહી છે. હાલમાં સોશિયલ મીડિયા પર ધનુષના આ ભાષણનો વીડિયો ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયો જોયા બાદ ફેન્સ એવી ચર્ચા કરી રહ્યા છે કે તમિલનાડુમાં પોતાની રાજકીય સફર શરૂ કરનાર અભિનેતા વિજયની જેમ ધનુષ પણ ટૂંક સમયમાં પોતાની રાજકીય પાર્ટીની જાહેરાત કરી શકે છે. જોકે, અભિનેતા તરફથી આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

# લિયુલાન ડેમમાં મોટી તિરાડ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યું

**વહીવટીતંત્રે અસરગ્રસ્ત વિસ્તારોમાં ઈમરજન્સી જાહેર કરી હતી અને હજારો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**બેઈજિંગ, તા.૨૮**

ચીનમાં તાજેતરમાં આવેલા શક્તિશાળી ટાઈફૂન અને સતત ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

આ દરમિયાન લિયુલાન ડેમમાં મોટી તિરાડ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યું હતું. પરિસ્થિતિને ગંભીર માનતા સ્થાનિક વહીવટીતંત્રે અસરગ્રસ્ત વિસ્તારોમાં ઈમરજન્સી જાહેર કરી હતી અને હજારો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.

૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ ભારે વરસાદ બાદ લિયુલાન ડેમમાં મોટી તિરાડ જોવા મળી હતી. તેના પગલે આસપાસના વિસ્તારોમાં પૂરનું જોખમ વધી ગયું હતું. સત્તાવાળાઓએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરીને અંદાજે ૪૮ હજારથી ૬૨ હજાર લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા હતા. કેટલાક લોકો પૂરનાં પાણીમાં ફસાયા હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે, જોકે સત્તાવાર રીતે જાનહાનિ અંગે સંપૂર્ણ માહિતી જાહેર કરવામાં આવી નથી.

ડેમને થયેલા નુકસાનના કારણે અનેક ગામો અને નાના શહેરોમાં પાણી ઘૂસી ગયું હતું. રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો, જ્યારે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો પણ પ્રભાવિત થયો હતો. બચાવ અને રાહત કામગીરી માટે સ્થાનિક પ્રશાસન, આપત્તિ વ્યવસ્થાપન ટીમો અને અન્ય એજન્સીઓ સતત કાર્યરત છે.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જળવાયુ પરિવર્તનના કારણે અતિભારે વરસાદ અને પૂર જેવી કુદરતી આફતોની આવર્તનતા વધી રહી છે. આવી સ્થિતિમાં મોટા ડેમોની નિયમિત તકનીકી તપાસ, સમયસર જાળવણી અને જરૂરિયાત મુજબ નિયંત્રિત રીતે પાણી છોડવાની વ્યવસ્થા અત્યંત જરૂરી બની ગઈ છે. આ ઘટનાએ ફરી એકવાર ડેમોની સુરક્ષા અને આપદા વ્યવસ્થાપન અંગે ગંભીર ચર્ચા શરૂ કરી છે.


લિયુલાન ડેમનું નિર્માણ વર્ષ ૧૯૫૮માં શરૂ થયું હતું અને ૧૯૬૦માં પૂર્ણ થયું હતું. આશરે ૧૧૧.૨૦ મીટર ઊંચો આ ડેમ સિંચાઈ, પૂર નિયંત્રણ, જળવિદ્યુત ઉત્પાદન અને માછલી પાલન જેવા અનેક હેતુઓ માટે ઉપયોગમાં લેવાય છે. તેની જળસંગ્રહ ક્ષમતા અંદાજે ૯૧થી ૯૫ મિલિયન ઘનમીટર હોવાનું જણાવાય છે.


ચીન વિશ્વના સૌથી મોટા ડેમો માટે જાણીતું છે, પરંતુ ભારત પણ આ ક્ષેત્રમાં પાછળ નથી. ઉત્તરાખંડનો ટેહરી ડેમ, હિમાચલ પ્રદેશ-પંજાબનો ભાખડા નાંગલ ડેમ અને ગુજરાતનો સરદાર સરોવર ડેમ દેશના સૌથી મહત્વપૂર્ણ બહુઉદ્દેશીય પ્રોજેક્ટોમાં સામેલ છે. આ ડેમો સિંચાઈ, પીવાનું પાણી, વીજ ઉત્પાદન અને પૂર નિયંત્રણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. ચીનની આ ઘટનાએ વિશ્વભરના મોટા ડેમોની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવાની જરૂરિયાત પર ફરી ભાર મૂક્યો છે.



### શૂટિંગ પૂરું થતાં કલાકારો અને ક્રૂમાં ખુશીનો માહોલ


# કાર્તિકે 'નાગઝિલા'નું શૂટિંગ પૂરું કર્યું, ટીમે કેક કાપીને ઉજવણી કરી




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

કાર્તિક આર્યનની કરણ જોહરના ધર્મા પ્રોડક્શન્સ સાથેની ફિલ્મ 'નાગઝિલા'નું શૂટિંગ સત્તાવાર રીતે પૂરું થઈ ગયું છે. ફિલ્મનાં શૂટિંગનાં છેલ્લા દિવસની ઉજવણી ટીમે ખાસ કેક કાપીને કરી હતી. શૂટિંગ પૂરું થતાં કલાકારો અને ક્રૂમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.



સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ અગાઉ પૂરું થઈ ચૂક્યું હતું, જ્યારે છેલ્લા દિવસનું શૂટિંગ રવિવાર, 26 જુલાઈએ મુંબઈમાં થયું હતું. આ અંતિમ શૂટિંગમાં અભિનેતા રવિ કિશન, દિગ્દર્શક મૃગદીપ સિંહ લાંબા, લેખક ગૌતમ મહેરા અને સહ-નિર્માતા દિવ્યાંશ જૈન હાજર રહ્યા હતા.આ પ્રસંગે 'નાગઝિલા ફિલ્મ રેપ' લખેલી ખાસ કેક કાપવામાં આવી હતી.

રસપ્રદ વાત એ છે કે, 25 જુલાઈએ દિગ્દર્શક મૃગદીપ સિંહ લાંબાનો જન્મદિવસ પણ હોવાથી સેટ પર ઉજવણીનો માહોલ વધુ રંગીન બન્યો હતો. શૂટિંગ પૂરું થતાં નિર્માતા મહાવીર જૈન અને દિગ્દર્શક મૃગદીપ સિંહ લાંબાએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું, "ધર્મા પ્રોડક્શન્સ સાથે ભાગીદારી કરવી એ શ્રેષ્ઠ અનુભવ રહ્યો છે. કરણ જોહર, અપૂર્વ મહેતા, મેરિજકે ડી' સૂઝા અને તેમની સમગ્ર ટીમે અદ્ભુત સહયોગ આપ્યો છે. 'નાગઝિલા'ના દરેક ક્રૂ સભ્યનો અમે દિલથી આભાર માનીએ છીએ. દરેકે આ ભવ્ય વિઝનને સાકાર કરવા માટે ખૂબ મહેનત કરી છે."

ફિલ્મના મુખ્ય અભિનેતા કાર્તિક આર્યને, તાજેતરમાં પોતાનો પહેલો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જીત્યો છે, તે અંતિમ દિવસના શૂટિંગમાં હાજર નહોતો. તેણે પોતાના તમામ સીનનું શૂટિંગ અગાઉ જ પૂરું કરી લીધું હતું. હવે ફિલ્મનું શૂટિંગ પૂરું થતાં ટીમ પોસ્ટ-પ્રોડક્શન તેમજ VFXના કામમાં વ્યસ્ત થઈ ગઈ છે. નિર્માતાઓના જણાવ્યા મુજબ, 'નાગઝિલા' એક અનોખી અને મનોરંજક દુનિયા પર આધારિત ફિલ્મ છે, જેમાં જબરદસ્ત કોમેડી, મજબુત સ્ટારકાસ્ટ અને યાદગાર સંગીત દર્શકોને સિનેમાઘરો સુધી ખેંચી લાવશે. કરણ જોહરની ધર્મા પ્રોડક્શન્સ અને મહાવીર જૈન ફિલ્મ્સ દ્વારા નિર્મિત 'નાગઝિલા' આગામી 12 ફેબ્રુઆરી, 2027ના રોજ રિલીઝ થશે.

## 'આદિપુરુષ' મારી કારકિર્દીની સૌથી મોટી ભુલ હતી : મનોજ મુન્તશિર

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

વર્ષ ૨૦૨૩માં રિલીઝ થયેલી 'આદિપુરુષ' ફિલ્મને લઈને લાંબા સમય બાદ તેના સંવાદલેખક મનોજ મુન્તશિરે જાહેરમાં પોતાની ભુલ કબુલી છે. ફિલ્મના સંવાદો અને તેની તરફેણ કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે, 'આદિપુરુષ' તેમની કારકિર્દીની સૌથી મોટી ભુલ હતી અને તેના માટે તેઓ સમગ્ર દેશ પાસે માફી માંગે છે.

એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન મનોજ મુન્તશિરે જણાવ્યું કે, ફિલ્મ રિલીઝ પહેલાં જ તેના વિરોધની શરૂઆત થઈ ગઈ હતી અને સોશિયલ મીડિયા પર સતત ટ્રોલિંગ થઈ રહ્યું હતું. તે સમયે તેમની પત્નીએ તેમને ફિલ્મનો જાહેરમાં બચાવ ન કરવાની સલાહ આપી હતી, પરંતુ તેમણે તે સલાહને અવગણી હતી. તેમણે કહ્યું, "શરૂઆતમાં મેં આ ટીકાને ગંભીરતાથી લીધી નહોતી. પરંતુ બે દિવસમાં મને સમજાઈ ગયું કે, 'આદિપુરુષ' મારા જીવનની સૌથી મોટી ભુલ હતી અને તેનો બચાવ કરવો તો એથી પણ મોટી ભુલ હતી. ફિલ્મને લઈને જે કંઈ બન્યું, તેના માટે મને ખૂબ શરમ આવે છે અને હું દેશના દરેક વ્યક્તિ પાસે માફી માંગું છું."

મનોજ મુન્તશિરે સ્વીકાર્યું કે, તેઓ ભગવાન શ્રીરામ અને ભગવાન હનુમાન જેવા પવિત્ર પાત્રો સાથે ન્યાય કરી શક્યા નહીં. તેમણે કહ્યું કે, ફિલ્મ અંગે તેમના કેટલાક નિવેદનોને સંદર્ભથી અલગ રીતે રજૂ કરવામાં આવ્યા હતા, પરંતુ આજે જ્યારે તેઓ ફિલ્મના સંવાદો તરફ પાછા વળીને જુએ છે ત્યારે તેમને પોતાની જ લેખનશૈલી પર શરમ આવે છે. તેમણે કહ્યું, "આજે જ્યારે હું એ સંવાદો જોઉં છું ત્યારે મને શરમ આવે છે કે મેં આવા સંવાદો લખ્યા. તે સમયે હું શું વિચારી રહ્યો હતો તેની મને પણ ખબર નથી." દિગ્દર્શક ઓમ રાઉતની 'આદિપુરુષ' હિન્દુ મહાકાવ્ય 'રામાયણ'થી પ્રેરિત હતી. ફિલ્મમાં પ્રભાસ ભગવાન શ્રીરામ - રાઘવ, કૃતિ સેનન માતા સીતા -જાનકી, સૈફ અલી ખાન રાવણ - લંકેશ, સની સિંહ લક્ષ્મણ - શેષ અને દેવદત્તા નાગે હનુમાન - બજરંગની ભૂમિકામાં જોવા મળ્યા હતા. લગભગ ૬૦૦ કરોડના ખર્ચે બનેલી આ ફિલ્મ ભારતીય સિનેમાની સૌથી મોંઘી ફિલ્મોમાંની એક હતી.

### કુલ ૧૨થી ૧૩ દુર્લભ ફિલ્મી સ્મૃતિચિહ્નો પણ ખરીદ્યાં હતાં

# 'મુગલ-એ-આઝમ'ના દુર્લભ પોસ્ટર્સ માટે શાહરૂખ ખાને ૬.૮૪ લાખ ચૂકવ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

શાહરુખ અને અનિલ કપૂરે અમૂલ્ય ફિલ્મી સ્મૃતિચિહ્નો ખરીદ્યાં બોલિવૂડનો કિંગ ખાન શાહરૂખ ખાન માત્ર ફિલ્મોનો જ નહીં, પરંતુ ભારતીય સિનેમાના વારસાનો પણ મોટો પ્રશંસક છે. આ વાતનો ખુલાસો ફિલ્મ આર્કાઈવિસ્ટ અને લેખક એસ. એમ. એમ. ઔસાજાએ અભિનેત્રી પૂજા ભટ્ટના પોડકાસ્ટ 'ધ પૂજા ભટ્ટ શો'માં કર્યો છે.

વાતચીત દરમિયાન ઔસાજાએ જણાવ્યું કે, તેમણે વર્ષોથી ભારતીય ફિલ્મોના પોસ્ટર્સ અને દુર્લભ સ્મૃતિચિહ્નોનો વિશાળ ખાનગી સંગ્રહ તૈયાર કર્યો છે. જોકે, તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં ફિલ્મી વારસાને સાચવવા પ્રત્યે પૂરતી ગંભીરતા જોવા મળતી નથી. તેમ છતાં, કેટલાક કલાકારો આ બાબતમાં અપવાદરૂપ રહ્યા છે.

ઔસાજાએ જણાવ્યું કે, લગભગ દસ વર્ષ પહેલાં તેમણે પોતાના સંગ્રહનું પ્રદર્શન યોજવા માટે અનેક કોર્પોરેટ કંપનીઓનો સંપર્ક કર્યો હતો. પરંતુ મોટાભાગની કંપનીઓને ફિલ્મી વારસામાં નહીં, પરંતુ કાર્યક્રમમાં કયો મોટો સ્ટાર આવશે અને કેટલા લોકો એકઠાં થશે તેમાં જ રસ હતો. તેમણે કહ્યું, "કોર્પોરેટ્સ પૂછતાં કે શું અક્ષય કુમાર પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે? તેમને માત્ર બ્રાન્ડને કેટલો ફાયદો થશે તેની જ ચિંતા હતી. ત્યારબાદ મેં વિચાર્યું કે પ્રદર્શન યોજવાને બદલે પુસ્તકો લખવા વધુ સારું રહેશે."

ફરાહ ખાન અને રિતેશ દેશમુખ પણ ફિલ્મી વારસાના સંરક્ષક ઔસાજાએ જણાવ્યું કે, ફરાહ ખાન પોતાનાં પિતા કમરાન ખાન સાથે જોડાયેલી તમામ દુર્લભ સામગ્રી સાચવી રાખવા માટે ખૂબ જ ગંભીર રહી છે. તેમણે કહ્યું, "ફરાહે પોતાના પિતાની ફિલ્મો સાથે સંબંધિત તમામ પોસ્ટર્સ અને સામગ્રી મારી પાસેથી મેળવી અને સાચવી રાખી છે. જે ફિલ્મો સફળ નહોતી થઈ અને ફરી રિલીઝ પણ થઈ નહોતી, તેમનાં પોસ્ટર્સ આજે ખૂબ જ દુર્લભ માનવામાં આવે છે." તેમણે વધુમાં જણાવ્યું કે, રિતેશ દેશમુખ પણ ફિલ્મી પોસ્ટર્સનો મોટો કલેક્ટર છે અને તેની પાસે દુર્લભ પોસ્ટર્સનો વિશાળ સંગ્રહ છે. 'મુગલ-એ-આઝમ'ના પોસ્ટર્સ માટે શાહરૂખ અને અનિલ કપૂર વચ્ચે બોલીપૂજા ભટ્ટે વાતચીત દરમિયાન ઉલ્લેખ કર્યો કે શાહરૂખ ખાને એક વખત 'મુગલ-એ-આઝમ'નાં પોસ્ટર્સ માટે હરાજીમાં ભાગ લીધો હતો. તેના જવાબમાં ઔસાજાએ કહ્યું, "શાહરૂખે માત્ર 'મુગલ-એ-આઝમ'ના પોસ્ટર્સ જ નહીં, પરંતુ કુલ ૧૨થી ૧૩ દુર્લભ ફિલ્મી સ્મૃતિચિહ્નો પણ ખરીદ્યાં હતાં. બેંગકોકમાં યોજાયેલી આ હરાજીમાં અનિલ કપૂરે પણ કેટલીક વસ્તુઓ માટે બોલી લગાવી હતી, કારણ કે તેમના પિતા આ ફિલ્મમાં સહાયક તરીકે કામ કરી ચૂક્યા હતા." ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર ૨૦૧૪માં આવેલા અહેવાલ મુજબ શાહરૂખ ખાને 'મુગલ-એ-આઝમ'નાં બે ઓરિજિનલ અને દુર્લભ પોસ્ટર્સ ૬.૮૪ લાખમાં ખરીદ્યાં હતાં. આ ખુલાસાથી સ્પષ્ટ થાય છે કે શાહરૂખ ખાન માત્ર પડદા પર જ નહીં, પરંતુ ભારતીય સિનેમાના અમૂલ્ય વારસાને સાચવવામાં પણ વિશેષ રસ ધરાવે છે.

# દીપિકા પાદુકોણ સાથે 'છપાક'ની ઓફર નકારી દેવાનો વિચાર આવ્યો હતો : વિક્રાંત મેસી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**


વિક્રાંત મેસીએ આત્મવિશ્વાસના અભાવે દીપિકા પાદુકોણ સાથે છપાક ફિલ્મ કરવાનો લગભગ ઈનકાર કરી દીધો હતો. જોકે, દિગ્દર્શક મેઘના ગુલઝારના વિશ્વાસ અને સમજાવટ બાદ તેણે આ ફિલ્મ માટે હા પાડી હતી. પોતાની આગામી નેટફિલક્સ વેબ સિરીઝ 'મુસાફિર કેફે'ના પ્રમોશન દરમિયાન વિક્રાંતે જણાવ્યું કે તેણે પોતાની કારકિર્દીમાં ક્યારેય એક જ પ્રકારની ભૂમિકાઓમાં બંધાઈ જવાનું પસંદ કર્યું નથી. તેણે કહ્યું કે, દર્શકોના પ્રેમ અને ફિલ્મમેકર્સના વિશ્વાસને કારણે તે સતત અલગ-અલગ પ્રકારના પાત્રો ભજવી શક્યો છે.

વિક્રાંતે કહ્યું, "મારા માટે સૌથી મોટી વાત એ હતી કે હું કોઈ એક પ્રકારની ભૂમિકામાં સીમિત ન રહી જાઉં. દર્શકોએ મને ટીવીથી લઈને ફિલ્મો અને OTT સુધી દરેક માધ્યમમાં સ્વીકાર્યો છે. આ માટે હું તેમનો ખૂબ આભારી છું." તેણે પોતાના કારકિર્દીના કેટલાક મહત્વના વળાંકો યાદ કરતાં જણાવ્યું કે, કોંકણા સેન શર્માએ 'એ ડેથ ઈન ધ ગંજ'માં 'શુટુ'નું પાત્ર મારામાં જોયું, જ્યારે હું પોતે તેને જોઈ શકતો નહોતો. તેમની શ્રદ્ધાએ મને નવી દિશા આપી. પછી 'મિર્ઝાપુર', વિધુ વિનોદ ચોપરા અને મેઘના ગુલઝાર જેવા લોકોનો વિશ્વાસ પણ મારી કારકિર્દીમાં ખૂબ મહત્વનો રહ્યો."

'છપાક'નો અનુભવ યાદ કરતાં વિક્રાંતે જણાવ્યું કે, તે દીપિકા પાદુકોણ જેવા મોટા સ્ટાર સાથે સ્ક્રીન શેર કરવા અંગે શંકામાં હતો. તેણે કહ્યું, "મને લાગતું હતું કે દીપિકા બહુ મોટી સ્ટાર છે. તે મારી જેટલી જ ઊંચી છે અને અમે બંને સાથે સ્ક્રીન પર સારા નહીં લાગીએ. એટલે મેં લગભગ ફિલ્મ છોડવાનો નિર્ણય કરી લીધો હતો."

વિક્રાંતના જણાવ્યા મુજબ, મેઘના ગુલઝારે તેને સમજાવતાં કહ્યું હતું કે બંનેની જોડી પડદા પર સારી લાગશે અને તે આ પાત્ર માટે સંપૂર્ણપણે યોગ્ય છે. દિગ્દર્શકના વિશ્વાસે તેને હિંમત આપી અને અંતે તેમણે ફિલ્મ સ્વીકારી. "હું લગભગ ડરી ગયો હતો, પરંતુ મેઘના મૅમે મારા પર વિશ્વાસ મૂક્યો. ઘણી વખત બીજા લોકોનો વિશ્વાસ તમને પોતાનામાં વિશ્વાસ



કરવાનું શીખવે છે."

ઉલ્લેખનીય છે કે 'મુસાફિર કેફે' દિવ્યા પ્રકાશ દુબેની એ જ નામની નવલકથા પર આધારિત રોમેન્ટિક ડ્રામા સિરીઝ છે. આ સિરીઝમાં વિક્રાંત મેસી, વેદિકા પિંટો, મહિમા મકવાણા, આદિલ હુસૈન, રાજીવ સિદ્ધાર્થ, અનુભા ફતેહપુરિયા, લવલીન મિશ્રા અને સાદિયા સિદ્દીકી મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળે છે. સિરીઝ 24 જુલાઈથી નેટફિલક્સ પર સ્ટ્રીમ થઈ રહી છે.

### વલસાડની કાળરાત્રિ બાદ વહી શ્રદ્ધાની સરવાણી

# પૂરગ્રસ્તોના આંસુ લૂછવા પત્રકારોના પત્નીઓનું 'સહેલી ગ્રુપ' બન્યું તારણહાર



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૮**

વલસાડના રહીશો માટે ૨૩ જુલાઈની એ ભયાવહ કાળરાત્રિ કદાચ જ કોઈ ભૂલી શકશે, જ્યારે મેઘરાજાના રૌદ્ર સ્વરૂપ અને ઔરંગા નદીના ગાંડાતૂર પ્રવાહે અનેક હસતા-રમતા પરિવારોને રડતા કરી દીધા હતા. હનુમાન ભાગડા, ભાગડાવાડા, શેઠિયા નગર, કૈલાશ રોડ અને ગોડીબાર સહિતના વિસ્તારોમાં જોતજોતામાં લોકોના આશિયાના અને જીવનભરની કમાણી કાદવ-પાણીમાં ગરકાવ થઈ ગઈ; અમીર હોય કે ગરીબ, સૌની આંખોમાં માત્ર લાચારી અને વેદના તરી રહી હતી. પૂરના પાણી ઓસર્યા બાદ તારાજીના જે હૃદયદ્રાવક દ્રશ્યો સામે આવ્યા, તે કોઈનું પણ કાળજું કંપાવી દે તેવા હતા. પરંતુ, મુશ્કેલીની આ કારમી ઘડીમાં આ ખમીરવંતા વલસાડના ઘા પર મલમ લગાવવા વહીવટી તંત્રની સાથે માનવતાનો અવિરત પ્રવાહ પણ વહેતો થયો છે. જેમના કલમથી લોકોના દુઃખને વાચા મળે છે તેવા પત્રકારોના ધર્મપત્નીઓનું હૃદય પણ લોકોની આ પીડા જોઈને દ્રવી ઉઠ્યું, અને સંવેદનાસભર હૈયે તેઓએ એકત્રિત થઈ 'સહેલી ગ્રુપ' બનાવીને પીડિતોને હૂંફ આપવાનું બીડું ઝડપ્યું. આજરોજ આ 'સહેલી ગ્રુપ'ની મહિલાઓએ કાદવ ખૂંદીને નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લીધી અને સર્વસ્વ ગુમાવી ચૂકેલા, ભૂખ્યા-તરસ્યા જરૂરિયાતમંદોને માતાજીના આશીર્વાદરૂપે કપડાં, સૂકો નાસ્તો, પીવાનું શુદ્ધ પાણી અને મહિલાઓના સ્વાસ્થ્યની વિશેષ ચિંતા કરી સેનેટરી પેડ્સનું વિતરણ કર્યું હતું. આ કપરા સમયે પત્રકાર પરિવારની મહિલાઓએ પીડિતોના આંસુ લૂછીને માનવતા, કરુણા અને માતૃત્વનું એક એવું હૃદયસ્પર્શી ઉદાહરણ પૂરું પાડ્યું છે, જેની સુવાસ વલસાડમાં હંમેશા મહેકતી રહેશે.

> **તારાજી વચ્ચે માતૃત્વનો સ્પર્શ: સર્વસ્વ ગુમાવી ચૂકેલા પરિવારોના ઘા પર મલમ લગાવતું પત્રકાર પરિવારનું 'સહેલી ગ્રુપ'**

### બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ કોરિડોરના જમીન સંપાદન મામલે

# ચીખલીના થાલા ગામે યોજાયેલી ગ્રામસભામાં સ્થાનિક ગ્રામજનો દ્વારા ઉગ્ર વિરોધ કરાયો

**બેઠક દરમિયાન માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓએ પ્રોજેક્ટની માહિતી રજૂ કરી, ગ્રામજનોએ જમીન સંપાદનની પ્રક્રિયા, જૂના રેકોર્ડની ઉપલબ્ધતા અને કાયદાકીય પાસાઓ અંગે અનેક પ્રશ્નો ઉઠાવ્યા**



-તસવીર: દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૨૮**

રાજ્ય સરકાર દ્વારા પ્રસ્તાવિત બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ કોરિડોરને ૬-લેન માર્ગ તરીકે વિકસાવવાની યોજના હાથ ધરવામાં આવી છે આ પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ ગામોની જમીનોનું સંપાદન કરવામાં આવનાર હોવાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં ગ્રામસભાઓ યોજીને સ્થાનિકોની રજૂઆતો સાંભળવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

ચીખલીના થાલા ગામે યોજાયેલી બેઠકમાં માર્ગ અને મકાન વિભાગના એસઓ હાર્દિક પટેલે તાલુકાના પ્રોજેક્ટની રૂપરેખા સમજાવતા જણાવ્યું હતું કે ચીખલી ચાર રસ્તા ઓવરબ્રિજથી લઈને કોલેજ સર્કલ સુધીના માર્ગને પહોળો કરવામાં આવશે. આ વિસ્તારમાં ડિવાઈડરના સેન્ટરથી બંને બાજુ ૧૫-૧૫ મીટર જેટલી જમીન સંપાદિત કરવામાં આવશે. વધુમાં, ચીખલી કોલેજ સર્કલ નજીક સર્વે દરમ્યાન ફલાય ઓવરબ્રિજના નિર્માણ પણ પ્રસ્તાવિત છે.

વધુમાં જણાવ્યું હતું કે, કોલેજ સર્કલથી આગળના વિસ્તારમાં માર્ગનું વિસ્તરણ વધુ પ્રમાણમાં કરવામાં આવનાર હોય આ માટે ડિવાઈડરના સેન્ટરથી બંને બાજુ ૨૨.૫૦ મીટર જેટલી જમીન સંપાદિત કરવામાં આવશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ દક્ષિણ ગુજરાતના આ મહત્વના માર્ગ પર વાહન વ્યવહાર વધુ સરળ અને ઝડપી બનશે હોવાનું જણાવ્યું હતું.

ગ્રામસભામાં ઉપસ્થિત એડવોકેટ ચેતનભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, અગાઉના જમીન સંપાદનના રેકોર્ડ કચેરીમાં ઉપલબ્ધ છે કે નથી, અગાઉ કરવામાં આવેલી સંપાદનની કાર્યવાહી કાયદેસર રીતે પૂર્ણ થઈ છે કે કેમ તેની પણ સ્પષ્ટતા કરો, જમીન માલિકો તેમજ કબ્જેદારોને નોટિસની બજવણી કરવામાં આવે નોટિસ અને કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના જમીન સંપાદન કરવામાં આવે તો તે ન્યાયિક પ્રક્રિયાના સિદ્ધાંતો વિરુદ્ધ ગણાશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અસરગ્રસ્ત લોકોને તેમની જમીન અંગે સંપૂર્ણ માહિતી અને કાયદાકીય હકોની જાણકારી મળવી જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ વિવાદ ઊભો ન થાય.

જોકે બેઠકમાં ઉપસ્થિત ગ્રામજનોએ ઉગ્ર વિરોધ કરી જમીન સંપાદન માટે સંમતિ વ્યક્ત ન કરી સામૂહિક રીતે અસંમતિ દર્શાવી યોગ્ય નિરાકરણ ન આવે ત્યાં સુધી જમીન સંપાદનની પ્રક્રિયા આગળ ન વધારવાની માંગ કરી હતી.

# મુસ્કાન એનજીઓ દ્વારા વાપી અને આસપાસના પૂર પ્રભાવિત વિસ્તારોમાં રાહત સામગ્રીનું વિતરણ કરાયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૮**

તાજેતરમાં વાપી તેમજ આજુબાજુના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે પૂરની વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી. પૂરના પાણી ઘરો, ઈમારતો, બંગલાઓ અને નાના-નાના ગામડાઓમાં ફરી વળતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. કેટલાક ગામડાઓ તો સંપૂર્ણપણે જળમગ્ન થઈ જતાં સ્થાનિક રહીશોને રહેવા તથા ખાવા-પીવાની ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.

આવી વિષમ અને કુદરતી આફતની ઘડીમાં સામાજિક જવાબદારી નિભાવીને ''મુસ્કાન એનજીઓ'' ફરી એકવાર લોકોના ચહેરા પર સ્મિત લાવવાનું નિમિત્ત બની છે.

અંતરિયાળ ગામડાઓમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર હોવાની માહિતી મળતાં જ 'વર્તમાન પ્રવાહ'ના પ્રતિનિધિ દ્વારા મુસ્કાન ટીમનાં રીમા કલાણીનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. આશરે પાંચથી છ ગામોના અસરગ્રસ્ત પરિવારોની કફોડી હાલત અંગે જાણ થતાં જ રીમા કલાણીએ સેવાની ભાવના દાખવી ત્વરિત પગલાં લીધાં હતાં. તેમણે યુદ્ધના ધોરણે પોતાની ટીમને સક્રિય કરી જરૂરી ખાદ્ય સામગ્રી અને ઘરવપરાશની વસ્તુઓની વ્યવસ્થા કરી હતી.

ઘટનાની ગંભીરતા સમજીને મુસ્કાન ટીમના સભ્યો મંજુબેન વાશને અને સરિતા બગડિયા પોતાની ખાનગી ગાડીમાં તમામ જરૂરી રાહત સામગ્રી ભરીને સ્થળ પર પહોંચી ગયા હતા. તેઓએ ટુકવાડા ખાતેના અસરગ્રસ્ત આહીર પરિવાર તેમજ અન્ય જરૂરિયાતમંદો સુધી રૂબરૂ પહોંચીને સામગ્રીનું વિતરણ કર્યું હતું. આ મુશ્કેલ સમયમાં કોઈ પણ પરિવાર નિરાધાર ન રહે તે અમારો પ્રયાસ છે. હજુ પણ જો કોઈપણ વિસ્તારમાં ઘરવપરાશ કે ખાધાખોરાકીની જરૂરિયાત હશે, તો મુસ્કાન એનજીઓ નિઃસંકોચ મદદ પહોંચાડવા તૈયાર છે.

સંકટના આ સમયમાં મુસ્કાન એનજીઓ દ્વારા કરવામાં આવેલી આ ઝડપી અને સમયસરની કામગીરીની સમગ્ર વાપી પંથકમાં ભારે સરાહના થઈ રહી છે.

# વલસાડ જિલ્લા માર્ગ અને મકાન (સ્ટેટ) દ્વારા ૩૭ પૈકી રસ્તા પૈકી ૩૬ માર્ગો પૂર્વવત કરાયા: એક માર્ગ ઓવરટેપિંગના કારણે હજુ પણ બંધ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૨૮**

વલસાડ જિલ્લામાં ગત અઠવાડિયામા ધોધમાર વરસાદના પગલે માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) હસ્તકના ૭૫ રસ્તા પૈકી ૩૭ માર્ગો પર ઓવર ટોપિંગ, ભૂસ્ખલન, માર્ગ ઉપર અને પુલ ઉપરથી પાણી પસાર થતાં એપ્રોચના ધોવાણ, માળખાકીય નુકસાન તેમજ માર્ગની સપાટી ધોવાઈ જવાના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) દ્વારા તાત્કાલિક ધોરણે બચાવ અને પુનઃસ્થાપન કામગીરી હાથ ધરી ૩૭માંથી ૩૬ માર્ગ પર વાહન વ્યવહાર પુનઃસ્થાપિત કરાયો છે. જ્યારે ધરમપુરનો એક માત્ર સ્ટેટ હસ્તનો ધરમપુર માકડબન ધામણી ટોકરપાડા રોડ સેકશન ધામણી મેણધા થી ટોકરપાડા રોડ ઓવરટેપિંગના કારણે બંધ છે.

વિભાગના અધિકારીઓ, ઈજનેરો અને ફિલ્ડ સ્ટાફ સતત અસરગ્રસ્ત વિસ્તારોમાં હાજર રહી અસરગ્રસ્ત માર્ગોમાં દિવસ-રાત કામ કરી રહ્યા છે. વિભાગ હસ્તકના ૩૭ માર્ગો અસરગ્રસ્ત બન્યા હતા. આજના દિવસ દરમિયાન ૧૮ વિશેષ ટીમો, ૧૩૦ મેન-પાવર, ૨૩ જેસીબી, ૫ ટ્રેક્ટર, ૫ ડમ્પર અને ૧ રોલરની મદદથી સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉપરાંત અંદાજે ૧૧૦૦ મેટ્રિક ટન મેટલનો ઉપયોગ કરીને માર્ગોને ઝડપથી વાહનવ્યવહાર માટે કાર્યરત બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

વિભાગની સતત કામગીરીના પરિણામે માર્ગો પર વાહનવ્યવહાર પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે અને રીપેરીંગની કામગીરી પ્રગતિમાં છે. વિશેષ કરીને ધરમપુર અને કપરાડા તાલુકાના રસ્તાઓ પર ભૂસ્ખલનની ઘટનાઓના કારણે રસ્તાઓ બંધ થયા હતા પરંતુ માર્ગ અને મકાન વિભાગ વલસાડ (રાજ્ય)ની ત્વરિત કામગીરીના કારણે રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા છે.

## વલસાડ કૈલાસ રોડ, પારડી સાંઢપોર વિસ્તારના બાળકો ચાર ચાર દિવસથી એક જ વસ્ત્રો પહેરી રહ્યા છે, પૂરમાં સઘળું તણાઈ ગયું છે

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૮**

વલસાડ જિલ્લામાં અતિવૃષ્ટિ અને પૂરની સ્થિતિએ ચોમેર બેહાલી સર્જી દીધી છે. વલસાડ કૈલાસ રોડ, પારડી સાંઢપોરમાં ગોળીબાર શાળા વિસ્તારમાં પૂરના પાણી ઘરોમાં ઘૂસી જતા તમામ સરસામાન પૂરમાં તણાઈ ગયો હોવાથી સ્થાનિકો છેલ્લા ચાર-ચાર દિવસથી એક ના એક કપડા પહેરીને જીવતરની આફતનો સામનો કરી રહ્યા છે.

જિલ્લાના ગામડા અને શહેરી વિસ્તારમાં અગણીત ઘટનાઓ એવી ઘટી છે કે પૂરમાં ઠેર ઠેર બેહાલી વેરાઈ છે. ઘરોમાં પાણી ઘૂસી જતા સરસામાન, રાશન, કપડા તણાઈ ગયા છે. લોકો પાસે બદલવા બીજા વસ્ત્રો સુધ્ધા નથી તેથી વલસાડને સેવાભાવી સંસ્થાઓ અને સમાજ સેવકોને અપીલ કરવામાં આવી છે. સોમવારે વિસ્તારના પુરગ્રસ્ત અસરગ્રસ્તોને તાતી મદદની જરૂર છે. કુદરતી આફતમાં માનવી જ માનવીને કામ લાગે તેવી કરૂણા સર્જાઈ ચૂકી છે.


**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM PRAKASHKUMAR MANSINH SOLANKI / PRAKASHSINH MANSINH SOLANKI TO **PRAKASH MANSINH SOLANKI** AS PER DOCUMENT

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM AJAYKUMAR PATEL TO **PATEL AJAYKUMAR BHIKHA AS** PER DOCUMENT

**CHANGE OF NAME**

I have changed my name from (Old name ) RATHOD DINESH APPA to **(new name) DINESH RATHOD.** I will be known by my new name **DINESH RATHOD** as per my documents.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM FALAK JAFAR JALIAWALA TO **FALAK JALIAWALA** AS PER DOCUMENT **ADDRESS :** DHANLAXMI COMPLEX, FLAT NO.301, AMLI ROAD, SILVASSA- 396230

**INSTITUTE OF OUR LADY OF FATIMA (HSS), FORT AREA, DAMAN**

**ADVERTISEMENT**

Applications are invited for appointment by direct recruitment for the following post

| Name of Post | No. of Post | Pay Scale |
|---|---|---|
| Post Graduate Teacher (PGT) Physics | 01 Post | Group B Level – 8 in the Pay Matrix Table (Rs. 47,600 - 1,51,100) |

**Ref No. IOLF/HSS/Advert/2026-27/29** **Dated: 20/07/2026**

for detail please scan
https://ddd.gov.in/notice-category/recruitments/
The application should reach to office on or before 20/08/2026 by 12:00 P.M at below mentioned address
**Institute of Our Lady of Fatima (Higher Secondary Section), Moti Daman, Fort Area, Moti Daman**

No. IP/DMN/2/5/2026-27/357, Dated: 28/07/2026


**U.T. Administration of Dadra & Nagar Haveli and Daman & Diu, Planning & Development Authority Daman, Collectorate, Moti Daman.**

**No. PDA/DMN/Appr. TPS/230/2025/499** **Dated: 28/07/2026**

**NOTIFICATION**

**Whereas,** the draft Town Planning Scheme 04A (Nani Daman) was published in the Official Gazette vide Notification No. PDA/DMN/Appr.TPS/230/2025/1727 dated 11/02/2026 for inviting objections from owners of the plots within the areas covered under draft Town Planning Scheme 04A within 60 days from the publication of the Gazette Notification.

**Whereas,** the Planning and Development Authority conducted a public hearing of the landowners who had submitted their objections in writing within the stipulated time. The authority considered the objections received and made modifications in the draft Town Planning Scheme 04A (Nani Daman) as per the provision of sub-section (1) of Section 68 and submitted the modified draft Town Planning Scheme as per sub-section (2) of Section 68 of the Dadra Nagar Haveli and Daman and Diu Town and Country Planning Act, 1974 to the Government for approval.

**Whereas,** the Government has duly approved the Town Planning Scheme 04A (Narni Daman) as required under sub-section (3) of Section 68 of the said Act.

**Whereas,** the Planning and Development Authority, Daman, hereby publishes the Town Planning Scheme 04A (Nani Daman) and informs the general public that the same are available for inspection at the following places:

1. **Office of the Planning and Development Authority, 1st Floor, Collectorate, Dholar, Moti Daman.**
2. **Office of the Daman Municipal Council, Fort area, Moti Daman.**
3. **These Town Planning Scheme 04A (Nani Daman) is also available on the website https://ddd.gov.in/.**

The final Town Planning Scheme 04A (Nani Daman) shall come into force from 30/08/2026 as per sub-section (5) of Section 68 of the said Act.

For and on behalf of Planning and Development Authority

**(Priyanshu Singh)**
Member Secretary,
Planning and Development Authority,
Daman

**No. IP/DMN/2/5/2026-27/358**
**Dated: 28/07/2026**

**કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

જમીન સંપાદન વિભાગ, દમણ

RFCTLARR અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૯ હેઠળની જાહેરાત

હેતુ: કાચીગામમાં સરકારી શાળા માટે નવી શાળા ઇમારતના બાંધકામ માટે જમીન સંપાદન

RFCTLARR અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૯ હેઠળની જાહેરાત

નંબર 3/140/LND-ACQ/2025-26/576 Dated 21.07.2026.

ગામ: કાચીગામ, નાની દમણ.

સંપાદનનું ક્ષેત્રફળ: 700.00 ચો.મી.

કૃપા કરીને વિગતો માટે સ્કેન કરો. અથવા https://ddd.gov.in/

**જમીન સંપાદન કલેક્ટર, દમણ**

No. IP/DMN/2/5/2026-27/356, Dated: 28/07/2026

**સંઘ પ્રદેશ દા. ન. હ. તથા દ. દી. પ્રશાસન, શિક્ષણ નિયામકની કચેરી, દમણ - 396220**

જાહેર નોટિસ ક્રમાંક DE/ADM/RTE/Draft Rules/2026-27/2682 તારીખ 27.07.2026 દ્વારા તમામ હિતધારકો પાસેથી સૂચનો અને પ્રતિસાદો આમંત્રિત છે

બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર (RTE) અધિનિયમ, 2009 ની કલમ 12(1)(c) હેઠળ શાળાઓમાં પ્રવેશ માટેની પદ્ધતિ અને રીત નિર્ધારિત કરતા મુસદ્દા RTE (સુધારા) નિયમો અંગે.

No. IP/DMN/2/5/2026-27/354, Dated: 28/07/2026

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

**રાજકીય મહાવિદ્યાલય, દમણ**

**જાહેરાત**

રાજકીય મહાવિદ્યાલય, દમણમાં ગેસ્ટ લેક્ચરર્સ માટે વોક-ઈન-ઈન્ટરવ્યુ જાહેરાત નંબર GC/DMN/Guest Lecturers/2026-27/560 તારીખ: ૨૪/૦૭/૨૦૨૬

જાહેરાત www.ddd.gov.in પરથી ડાઉનલો કરી શકાય છે.

For details please scan

**આચાર્ય, સરકારી કોલેજ, દમણ**

No. IP/DMN/2/5/2026-27/353, Dated: 28/07/2026

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

જાહેર બાંધકામ વિભાગ – દીવ

**ટેન્ડર આમંત્રિત કરવાની સુચના**

દીવ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી-૨૦૨૬ માટે મંડપ, શામિયાણા, સ્ટેજ, બેઠક વ્યવસ્થા, એર કન્ડીશનીંગ, સુશોભન કાર્ય અને આનુષંગિક કામચલાઉ માળખાગત સુવિધાઓ પૂરી પાડવી, ઊભી કરવી અને દૂર કરવી.

For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

| | | |
|---|---|---|
| ટેન્ડર સુચના ન. તથા ઓળખ ન. | : | 39/2026-2027 (2026_DIUDT_4903_1) |
| પ્રી-બીડ મીટીંગ ની તારીખ | | -- |
| ડાઉનલોડ ની છેલ્લી તારીખ | : | 31/07/2026 |
| ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ | : | 31/07/2026 |
| બીડ ખોલવાની તારીખ | : | 31/07/2026 |

**કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.**

No. IP/DMN/2/5/2026-27/352, Dated: 28/07/2026


**વર્તમાન પ્રવાહ** વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક



**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# ભિલાડ રેલવે સ્ટેશન પાસે ભરૂચ-મેમુ ટ્રેનના એક ડબ્બાના ૪ વ્હિલ પાટા પરથી ઉતરતા રેલ વહેવાર ખોરવાયો





**અમદાવાદ જતી ટ્રેનોને મહારાષ્ટ્રમાં વિવિધ સ્ટેશને થોભાવાઈ : મુંબઈ તરફ જતી ટ્રેનો પણ પ્રભાવિત, વાપી-વલસાડ સ્ટેશને મુસાફરો અટવાયા**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૮**

મુંબઈ-વિરારથી ઉપડેલી ભરૂચ મેમુ ટ્રેન આજે મંગળવારે ભિલાડ સ્ટેશનને પસાર થતી હતી તે દરમિયાન એન્જિનની પાછળના ડબ્બાના ૪ વ્હિલ પાટા ઉપરથી ઉતરી ગયા હતા. અકસ્માત સર્જાતા ટ્રેનને ભિલાડમાં થોભાવી દેવાઈ હતી. પરિણામે અમદાવાદ તરફ જતો ટ્રેન વહેવાર સંપુર્ણપણે ખોરવાઈ ગયો હતો.

વિરાર-ભરૂચ મેમુ ટ્રેન ભિલાડ સ્ટેશને ખોટવાતા અમદાવાદ તરફ જતો ટ્રેન વહેવાર પ્રભાવિત થઈ ગયો હતો. વાપી, વલસાડ સહિત અમદાવાદ તરફના તમામ મુસાફરો સ્ટેશન ઉપર અટવાઈ ગયા હતા. દુર્ઘટનાની જાણ બાદ રેલવેની મેન્ટેનન્સ ટીમ ભિલાડ પહોંચી હતી અને સમારકામની કામગીરી યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી. બીજી તરફ મુંબઈ જતી ટ્રેનો પણ અટવાઈ હતી. મુંબઈથી અમદાવાદ તરફ જતા ટ્રેન વહેવારને મહારાષ્ટ્ર, ઘોલવડ સહિત અન્ય સ્ટેશને ટ્રેનોને અટકાવી દેવાઈ હતી. સવારે સાત વાગે બનેલી ઘટના બાદ કલાકો સુધી મરામતની કામગીરી પુર્ણ થઈ નહોતી. સંભવિત સાંજ સુધીમાં રેલવે વહેવાર પૂર્વવત થાય તેવી સંભાવના હાલમાં જણાઈ રહી છે.

# અનસૂયા છાત્રાલય વિરવલની આદિવાસી દીકરીઓની અનોખી માનવસેવા

# પૂરગ્રસ્તો માટે જાતે કપડાં ધોઈને પૂરૂં પાડ્યું ઉત્તમ ઉદાહરણ

**છાત્રાલયની દીકરીઓએ તેમના શિક્ષક ઋષિત મસરાણીને ભાવુક સ્વરે કહ્યું હતું કે, 'સર, અમારી પાસે દાનમાં આપવા માટે પૈસા નથી, પરંતુ અમે પૂર પીડિતોના કપડાં ધોઈને તેમની સેવા કરવા માંગીએ છીએ.'**









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૮**

વલસાડ જિલ્લામાં આવેલા વિનાશક પૂરના કારણે હજારો પરિવારો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આ વિકટ પરિસ્થિતિમાં અસરગ્રસ્તોને મદદરૂપ થવા અનેક સંસ્થાઓ આગળ આવી રહી છે, ત્યારે ધરમપુર પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ અને અનસૂયા છાત્રાલય, વિરવલની આદિવાસી દીકરીઓએ માનવતાનું એક અનોખું અને પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ દીકરીઓએ રાહતકાર્યમાં પોતાનું યોગદાન આપવા માટે એક ટેમ્પો ભરેલા પૂર પીડિતોના કપડાં પોતાના હાથે ધોઈને અદ્ભૂત સેવા આપી છે.

આ સેવાયજ્ઞ પાછળનો દીકરીઓનો ભાવ અત્યંત સ્પર્શક અને હૃદયદ્રાવક હતો. છાત્રાલયની દીકરીઓએ તેમના શિક્ષક ઋષિત મસરાણીને ભાવુક સ્વરે કહ્યું હતું કે, 'સર, અમારી પાસે દાનમાં આપવા માટે પૈસા નથી, પરંતુ અમે પૂર પીડિતોના કપડાં ધોઈને તેમની સેવા કરવા માંગીએ છીએ.' દીકરીઓની આ નિઃસ્વાર્થ ભાવનાને સન્માન આપતાં તેમને આ સેવા કરવાની તક આપવામાં આવી હતી. દીકરીઓએ પણ કલાકો સુધી ભારે જહેમત ઉઠાવીને તમામ કપડાં સાફ કરી આપ્યા હતા.

પોતાની પાસે ભૌતિક સંપત્તિ ન હોવા છતાં, શારીરિક શ્રમ દ્વારા પૂરગ્રસ્તોની મદદ કરવાની આદિવાસી દીકરીઓની આ કરૂણાભરી પહેલે સમાજને માનવતાની સાચી સેવાનો સુંદર સંદેશ આપ્યો છે. આ ઘટના એ વાતની સાબિતી આપે છે કે સેવા માટે માત્ર સંપત્તિની જ નહીં, પરંતુ સંવેદના અને નિઃસ્વાર્થ ભાવથી ભરેલા હૃદયની જરૂર હોય છે. સમાજમાં આ આદિવાસી દીકરીઓના આ ભગીરથ કાર્યની ચોમેર ભારે પ્રશંસા થઈ રહી છે.

# વાપી, કોલક અને બિલખાડીના પુરમાં કિનારાના આલોક, વેલ્સપન જેવા ઉદ્યોગો પાણીમાં તરતા થયા

**ચાર દિવસ બાદ પણ સ્થિતિ ચિંતાજનક, પુરના કુદરતી બફર ઝોનને લઈને ભવિષ્યની સલામતિ અંગે ઉદ્યોગો ચિંતિત**







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૮**

વાપી વિસ્તારમાં જુલાઈ તા.૨૩, ૨૪ ના રોજ એક સાથે ૨૦ ઈંચ ઉપરાંત વરસાદ ખાબકતા પુરની સ્થિતિ ઉદ્ભવી હતી. આ પુરમાં મોરાઈ, બલીઠા સ્થિત કોલક અને બિલખાડીનું પુર કિનારે આવેલા આલોક અને વેલ્સપન જેવા ઉદ્યોગો પાણીમાં તરતા થયા હતા. પુરના ચાર ચાર દિવસો વિતી જવા છતાં સ્થિતિ ઠેર ના ઠેર જેવી પ્રવર્તિ રહી છે. હજારો કામદારો કામકાજ વગર અટવાઈ પડ્યા છે.

બલીઠા અને મોરાઈ વચ્ચે બિલખાડી અને કોલક નદીઓ વહી રહી છે. આ બન્ને વચ્ચે મોટા ઉદ્યોગોનો ઝોન કાર્યરત છે. આલોક, વેલ્સપન, ડીઓએમએસ જેવા ઉદ્યોગો કાર્યરત હોવાથી પુરના પાણી તમામ ઉદ્યોગોમાં ઘૂસી જતા તમામ પ્લાન્ટ અને પ્રોડકશન ઠપ થઈ ગયા હતા. આજે ચોથા-પાંચમા દિવસે પણ સ્થિતિ ચિંતાજનક છે. કોલક અને બિલખાડીના બફર ઝોનમાં સ્થપાયેલા ઉદ્યોગો માટે ભવિષ્યની સલામતિ અંગે ચિંતાનો વિષય બન્યો છે. મોટા ઉદ્યોગો સિવાય અન્ય નાના ઉદ્યોગો પણ પુરથી પ્રભાવિત થયા છે. મોરાઈ ઈન્ડસ્ટ્રીયલ વસાહતમાં ભય સાથે ચિંતાનું મોજુ પથરાયેલું જોવા મળી રહ્યું છે.

# વલસાડ જિલ્લામાં પૂરગ્રસ્ત શાળાઓ માટે શિક્ષણ વિભાગ એક્શનમાં: કુલ ૭,૨૦૧ વિદ્યાર્થીઓને નવા પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ કરાશે





**તમામ શાળાઓમાં સેનિટાઈઝેશનની કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે સૂચના અપાઈ**

વલસાડ જિલ્લાની પૂરગ્રસ્ત શાળાઓમાં હાથ ધરવામાં આવેલી સ્વચ્છતા, સેનિટાઈઝેશન તથા જરૂરી રિપેરિંગ અને પુનઃસ્થાપનની કામગીરીનું પણ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી રાજેશ્રી ટંડેલ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના આરોગ્ય અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને તમામ શાળાઓમાં સેનિટાઈઝેશનની કામગીરી ઝડપથી પૂર્ણ થાય અને સુરક્ષિત વાતાવરણમાં શૈક્ષણિક કાર્ય પુનઃ શરૂ થઈ શકે તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. જે શાળાઓમાં હાલ શૈક્ષણિક કાર્ય શરૂ કરવું શક્ય નથી, ત્યાંના વિદ્યાર્થીઓના અભ્યાસને અસર ન થાય તે માટે જરૂરિયાત મુજબ નજીકની અન્ય શાળાઓમાં વૈકલ્પિક વ્યવસ્થા હેઠળ શિક્ષણ કાર્ય ચાલું રાખવાની સૂચનાઓ આપવામાં આવી છે. શાળાઓ સંપૂર્ણપણે કાર્યરત બનતા જ નિયમિત શિક્ષણ શરૂ કરવામાં આવશે.

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૮**

છેલ્લા ચારથી પાંચ દિવસ દરમિયાન વલસાડ જિલ્લામાં પડેલા અતિભારે વરસાદના કારણે જિલ્લાના અનેક વિસ્તારો તેમજ શાળાઓ અસરગ્રસ્ત બની છે. વલસાડ શહેરની અનેક શાળાઓમાં પૂરનું પાણી ઘૂસી જતાં શૈક્ષણિક કામગીરીને અસર પહોંચી હતી.

જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલ દ્વારા વલસાડના બંદર રોડ પર સ્થિત શાહ કે.એમ.એસ. હાઈસ્કૂલ, પારડી સાંઢપોરની કૈલાસ ઓવારા હાઈસ્કૂલ અને ભદેલીની સાર્વજનિક હાઈસ્કૂલ સહિત અન્ય અસરગ્રસ્ત શાળાઓની સ્થળ મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી થયેલા નુકસાનની વિગતવાર માહિતી મેળવવામાં આવી હતી. પૂરના કારણે વિદ્યાર્થીઓના પાઠ્યપુસ્તકોને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. અસરગ્રસ્ત વિદ્યાર્થીઓની વિગતો એકત્રિત કરીને ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળને મોકલી આપવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓને શક્ય તેટલી વહેલી તકે નવા પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ કરાવી શકાય.

વલસાડ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના કુલ ૨,૫૧૦ વિદ્યાર્થીઓને નવા પાઠ્યપુસ્તકોની જરૂરિયાત નોંધાઈ છે, જેમાં ધોરણ ૯ના - ૭૧૫ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૦ના - ૬૩૪ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૧ (સામાન્ય પ્રવાહ)ના - ૬૧૮ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૧ (વિજ્ઞાન પ્રવાહ)ના - ૬૦ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ)ના - ૪૩૦ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના - ૫૩ વિદ્યાર્થીઓનો નવા પુસ્તકો આપવામાં આવશે. આ ઉપરાંત પ્રાથમિક વિભાગના કુલ ૪,૬૯૧ વિદ્યાર્થીઓ માટે પણ નવા પાઠ્યપુસ્તકોની માંગણી કરવામાં આવી છે. આ રીતે જિલ્લાના કુલ ૭,૨૦૧ વિદ્યાર્થીઓને નવા પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ કરાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેથી કોઈપણ વિદ્યાર્થીના અભ્યાસમાં વિક્ષેપ ન આવે.

જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલે જણાવ્યું કે, આપત્તિ ગમે તેવી હોય, પરંતુ બાળકોનું શિક્ષણ અટકવું જોઈએ નહીં. દરેક અસરગ્રસ્ત વિદ્યાર્થીને સમયસર નવા પાઠ્યપુસ્તકો અને જરૂરી શૈક્ષણિક સહાય ઉપલબ્ધ કરાવવાની સાથે સુરક્ષિત વાતાવરણમાં શિક્ષણ મળી રહે તે માટે શિક્ષણ વિભાગ સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

# વલસાડ તરીયાવાડમાં પુરના પ્રવાહમાં તણાઈ ઝાડ ઉપર ફસાયેલ પાડાનું ત્રણ દિવસ બાદ રેસ્ક્યૂ કરાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૮**

વલસાડ જિલ્લામાં પુર અને અતિવૃષ્ટિને લઈ સર્જાયેલી ઠેર ઠેર તારાજીના દશ્યો ધીરે ધીરે બહાર આવી રહ્યા છે. કંઈક તેવી જ ઘટના વલસાડમાં ઘટી છે. તરીયાવાડમાં પુરના પ્રવાહમાં તણાઈ ઝાડ ઉપર ફસાયેલા પાડાનું ત્રણ દિવસ બાદ રેસ્ક્યું કરવામાં આવ્યું હતું. જીવદયાના કાર્યકરોએ ભારે જહેમત બાદ ઝાડમાં ફસાયેલ પાડાને નીચે ઉતારી જીવતદાન આપી માનવતાની મિશાલ કાયમ કરી હતી.

વલસાડ જિલ્લામાં દશકો બાદ ફરી પુર અને અતિવૃષ્ટિનો કારમો પ્રહાર જિલ્લાના ગામડા અને શહેરોમાં કર્યો છે. અનેક ખુણે ખુણે પુરની તારાજી અને તબાહીની ઘટના હવે સામે આવી રહી છે તેવી ઘટના વલસાડના તરિયાવાડ વિસ્તારમાં આવેલ સતીમાતા મંદિરના પાછળના ભાગે પુરમાં તણાઈ આવેલ પાડો ઝાડમાં ફસાઈ ગયો હતો. ત્રીજા-ચોથા દિવસે ઘટનાની જાણ થઈ હતી તેથી જીવદયા પ્રેમીઓ ઘટના સ્થળે પહોંચી ઝાડના ડાળા કાપી પાડાને હેમખેમ નીચે ઉતાર્યો હતો. વર્તમાન પુરની સ્થિતિમાં અનેક અબોલ જીવો તણાયા હશે તેવી હકિકત તરીયાવાડની ઘટનાએ સાબિત કરી છે.

# રોટરી ક્લબ ઓફ દાદરા નગર હવેલી દ્વારા ભારે વરસાદથી અસરગ્રસ્ત પરિવારોને ૫૦ જીવનજરૂરી રાશન કિટનું કરાયેલું વિતરણ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૮**

તાજેતરમાં પડેલા અતિભારે વરસાદના કારણે બોરલાઈ વિસ્તારના ઝાડી ફળિયા, હળપતિવાસ અને ભોય ફળિયામાં અનેક પરિવારોના ઘરોને નેક્સાન થયું હતું. આ કુદરતી આપત્તિથી અસરગ્રસ્ત પરિવારોને રાહત મળે તે હેતુથી રોટરી ક્લબ ઓફ દાદરા અને નગર હવેલી દ્વારા ૫૦ જીવનજરૂરી રાશન કિટોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય કાર્ય શ્રી વિરલસિંહ રાજપૂતના સહયોગથી યોજાયું હતું. રાશન કિટમાં દૈનિક ઉપયોગની આવશ્યક ખાદ્ય ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જે અસરગ્રસ્ત પરિવારોને અર્પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દાતા શ્રી વિરલસિંહ રાજપૂત, ડો. અમિત માથુર, ડો. દિગરાજ પઢિયાર, શ્રી મિલન પટેલ, શ્રી મેઘાવિન પરમાર, શ્રી યશવંતસિંહ પરમાર, શ્રી મુનેશ્વર મોદી, શ્રી વિમલેશ શુક્લ, શ્રી મનોજ નાયર, શ્રી અજિત યાદવ, શ્રી પરેન જોશી, શ્રી દેબજ્યોતિ દાસ, હીતા દેસાઈ, ડો. રાજેશ રોહિત અને શ્રી મિથિલેશ સિન્હા સહિત રોટરી ક્લબ ઓફ દાદરા અને નગર હવેલીના તમામ સભ્યો તથા સ્વયંસેવકોનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો.

રોટરી ક્લબ દ્વારા તમામ દાતાશ્રીઓ, સભ્યો અને સ્વયંસેવકોનો આ સેવાકીય કાર્યમાં સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ચીખલી પોલીસે નેશનલ હાઈવે ઉપરથી રૂા.૨.૫૯ લાખના દારૂ સાથે બે ઈસમોની ધરપકડ કરી



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૮**

ચીખલી પોલીસે નેશનલ હાઈવે પરથી રૂા.૨.૫૯ લાખના દારૂના જથ્થા સાથે બે ઈમસની ધરપકડ કરી હતી જ્યારે ગુનામાં સંડોવાયેલા બે ઈસમોને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ચીખલી પોલીસ મથકના પીઆઈ પી.બી.પટેલીયા, પીએસઆઈ આર.એન.વાડલે, અલ્પેશ નવનીત, મહેન્દ્રભાઈ નેભાભાઈ, જયપાલસિંહ, રવિરાજ સહિતનાઓ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે એક હ્યુન્ડાઈ વેન્યૂ કાર નં-જીજે-૧૬-એફબી-૦૮૬૬માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડી ચીખલી નેશનલ હાઈવે પરથી પસાર થનાર હોય જે હકીકત બાતમીના આધારે ચીખલી નેશનલ હાઈવે ૪૮ ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવતા બાતમી મુજબની કાર આવતા જેને રોકી તલાશી લેતા અંદરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ, વોડકા નાની મોટી બોટલ નંગ-૯૧૨ કિં. રૂ.૨,૫૯,૬૮૦/- કારની કિં. રૂ.૭ લાખ, બે નંગ મોબાઈલ ફોન ૨૦,૦૦૦/- મળી કુલ્લે ૯,૭૯,૬૮૦/- રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી કાર ચાલક જગદીશ બુધિયા વસાવા (ઉ.વ-૩૪), નરેન્દ્ર બાબુ વસાવા (ઉ.વ-૨૦) (બન્ને રહે.ખરચી ભીલવાડા ગામ આંબલી ફળીયું તા.ઝઘડિયા, જી.ભરૂચ) ની ધરપકડ કરી હતી.

જ્યારે દારૂનો જથ્થો ભરાવી આપનાર પ્રતિમ હેમંતભાઈ પટેલ (રહે. ડુંગરી, ભરા ફળીયા તા.જી.વલસાડ) તથા દારૂનો જથ્થો મંગાવનાર જીતુ વસાવા (રહે.માંડવા ગામ, તા.અંકલેશ્વર, જી.ભરૂચ) એમ બે જેટલાને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.